गुर्जरपतीं महाराजा धिराज

सिद्धराज जयसिंह अने राणिकदेवी राहखेंगार नाटक.

(त्री अंकी)

રચનાર

જોશી ભીખારામ શવજી કનૈયા ભાવનગર

છપાવી મશહૂર કરનાર.
ભાવનગર.

આવૃતિ પેહેલી—પ્રત એક હજાર.

દોહરો.

મરદ કૈક માર્યા ગયા, ભામની કારણ ભ્રાત;
ચિતાર જોવા ચડપ કરી, પકડ ચોપડી હાથ.

સંવત ૧૯૪૬.] કીંમત ચાર આના. [સને ૧૮૯૦.

गुर्जरपती महाराजा धिराज

सिद्धराज जयसिंह अने राणीकदेवी राहखेंगार नाटक.

(त्री अंकी)

રચનાર

જોશી ભીખારામ શવજી કનૈયા ભાવનગર

અબદુલહુસેન આદમજી બુકસેલર

છપાવી પ્રગટ કરનાર.

ભાવનગર.

આવૃતિ પેહેલી—પ્રત એક હજાર.

દોહરો.

મરદ કૈક માર્યા ગયા, ભામની કારણ ભ્રાત;
ચિતાર જોવા ચડપ દઈ, પકડ ચોપડી હાથ.

સંવત ૧૯૪૬.] કીંમત ચાર આના. [સને ૧૮૯૦.

અમદાવાદ

ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં ઘેહેલાભાઈ

નરસઈદાસ મેહેતાએ છાપ્યું.

પ્રસ્તાવના બાબત ખુલાસો.

નાટક વાંચવાથી બુદ્ધિ નિર્મળ રહેછે લંબાવી નાટક રચવું અને તેની કીંમત જાસ્તી કરી રાવણની કાણ કરવી એ વાત પ્રથમથીજ મને અણગમતી છે કેમકે ગરીબ લોકો તેનો લાભ લઇ શકે નહીં તેટલાજ માટે હલકી કીંમતનું આ પુસ્તક રચી તત્વ ખેંચી આખો ખેલ ઘણી કરકસરથી રચી કાઢેલ છે માટે વીદ્વાન વર્ગ સુધારી વાંચશે એવી આશા રાખું છું. પ્રસ્તાવના લાંબી કરવી એથી પણ હું ખુશી નથી કેમકે માણસને કામનો વખત જાય તેથી કામ કરતું તે માણસને વધારે વાર ખોટી થવું પોસાય નહીં એતો નવરા ગાદલામાં પડ્યા વાંચ્યા કરે તેથી ટુંક સાર કહી દઉં છું.

સિધરાજ નાની ઉમરનો હોવાથી રાજ તેની માતુશ્રી મીનળદેવીને સીધરાજના પીતાએ સોંપેલ. સીધરાજને દેશ ફરવાતેની માતુશ્રી તેડી ગયાં પછી માળવાનો રાજા યશોવર્મા આવી રૂશાવત લઈ ચાલ્યો ગયો. આ વાત સીધરાજે સાંભળી તેથી દીવાનને ઠપકો આપી માળવા પર ચઢાઈ કરી હાથ કર્યું. અયોધ્યા પતીની કુંવરી ઈચ્છાવરથી પરણી ઘેર લાવેલ. માળવા જીતી લાવ્યા પછી પોતાનું વેવીશાળ રાણકદેવી સાથે થએલ હતું તે સ્રીનું જુનાગઢના રાજા ખેંગારે હરણ કર્યું તે ખબર સીધરાજને થઈ એટલે તેને જુનેગઢ જઈ માર્યો ત્યારે રાણકદેવી શ્રાપ આપી વઢવાણના ભોગાવામાં સતી થઈ એટલી બાબત આ નાટકમાં ટુંકથી આવી જાય છે. સમુદ્રનો પાર કોઇથી ન લેવાય તેમ પુસ્તક પણ જેટલું મોટું કરવા ધારીએ તેટલું બને પણ ગરીબ અને તવંગર બંનેને લાભ મળે તોજ મેહેનતનું ફળ મળ્યું ગણવું. એમ ધારી આ ચંચુભરી વીધામ્રત ચખા-

ડવા અને આર્ય બંધુઓની શેવામાં મુકવાદુરસ્ત ધારૂં છું માટે તેનો લાભ લેશો અને ભુલ ચુક માફ કરશો. એવી રજા લઊં છું કેમકે ભણે તે તો ભુલે હવે લખવું બંધ પાડું છું.

લખીતંગ સર્વનો શેવક,

જોશી. ભીખારામ શવજી કનૈયા---ભાવનગર.

સુચના.

જોશી ભીખારામ શવજીનાં રચેલાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી મળશે. પુસ્તકની વીગત.

ધર્મદર્પણ, પૃથુરાજ ચહુઆણ, સીદ્ધરાજજયસીંહ, રાણકદેવી રાહખેંગાર, વીજળી વીલાપ, શુરવીરજયમલ નાટક. ભરથરી નાટક, ઉદેપુરના રાણા રાજસીંહ, પૃથુરાજ રાઠોડ, ગુણસાગર નાટક, કૃષ્ણવિલાસ ગાયન, રાસલીલા નાટક, ભાવનગર શેહેરની રચના, સદેવંત સાવળીંગા, સોનગઢનું વર્ણન, પુનર્લગ્ન વીશે નીબંધ, દીવાળી લઘુચંદ નાટક. હરીપ્રસાદ વીરહ. અભેસીંહ માનસીંહ નાટક.

સામટાં મગાવનારને કમીશન ધારા પ્રમાણે મળશે. નાટપેડ પત્ર લેવામાં આવશે નહી.

જોશી ભીખારામ શવજી કનૈયા.

ઠેકાણું મીસ્રી પીતાંબર વસ્તાને કારખાને અગર અંબાજીના વડ તળે પખાલીવાડમાં.—**ભાવનગર.**

જોશી ભીખારામ શવજી

કનૈયા—ભાવનગર.

"શ્રીશ્રી પીતાંબરદાસ વસ્તાભાઇની ઇશ્વર જય કરે."

પ્રીયમીત્ર હરીભાઇ ધનજીભાઇ ગુર્જર સુતાર.

મુકામ—રાજકોટ.

આપ વિદ્યા વૃદ્ધિમાં ઉત્સાહ ધરાવો છો અને મારા સાથે પ્રીતી ભાવથી વર્તો છો તે પ્રીતી કાયમ ટકવાના અને આપનું નિર્મળ નામ મારી સાથે જોડાવાના બદલામા આ નાનું પુસ્તક આપનેજ અર્પણ કરવા દુરસ્ત ધારી અર્પણ કરૂંછું તે સ્વીકારશો.

લી. આપનું ભલું ઇચ્છનાર,

જોશી. ભીખારામ શવજી કનૈયા—ભાવનગર.

૪૬૩૪

गुर्जरपती महाराजा सीद्धराज जयासिंह नाटक.

(સર્વ પાત્રો મળીને) ઈશ્વર સ્તુતી.

(શ્રી જગતપતી પ્રભુ આપ સન્મતી એ રાગ.)

પ્રભુ કૃપા કરો; વિનતી ઉરધરો;
અનુંચરોને આશરો, તમારો છે ખરો. ટેક,
તારો માલ તું રખવાળ, ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ;
ઝાડ પહાડને જીવ જંતુઓ, સૌની લે સંભાળ. પ્રભુ.
કૌરવ કેરી સભા સમક્ષે, સતી દ્રૌપદી નાર.
નવસો નવાણું પુર્યાછે, ચીર સભામોઝાર. પ્રભુ.
હીરણ્યા કશ્યપ હાથે માર્યો, ઉગાર્યો પ્રહલાદ;
પાંડવ કેરી પ્રતમા પાળી, દીનની સુણતા દાદ. પ્રભુ.
પ્રજા પતીની પત્ની તેણે, ખડક્યાં નીંભા માંય;
બીલાડીનાં બાળ ઉગાર્યા, શ્રીવર થઇને સહાય. પ્રભુ.
કળા કામ કારીગર તેમાં, અમૃત દ્રષ્ટી આપ;
ભીખન શેવક ભાવ થકી કહે, કષ્ટ અમારાં કાપ. પ્રભુ.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—મેહેલ.

મીનળદેવી, વીજીયા, પછીથી સીધરાજ, ચોપદાર પ્રધાનજી અને વિદુષક વીગેરે.

મીનળદેવી—(દાસી પ્રત્યે) દાસી તારો રાજા ગુજરી ગયા અને દેવ લોકમાં ગયા તેની મને દીલગીરી અતી ઉભરાઈ જવાથી બીલકુલ ચેન પડતું નથી કેમકે સીદ્ધરાજ હજી નાની ઉમરનો છે તે રાજ વળાની રીતમાં વાકેફ થાયતો મને શાંન્તી થાય માટે હવે ગુજરાતનું રાજ તાબે રાખતું એ ઘણું જોખમ ભરેલું છે કેમકે માથે દુશ્મનોનાં નગારાં ગગડી રહ્યાછે તેથી શું થશે તેનો મને હરદમ વિચાર થયા કરેછે.

વીજયા—બાઈ સાહેબ પ્રાતઃકાળે સુર્ય ઉદય થાયછે મધ્યાને તપેછે અને સાયંકાળે અસ્ત પામેછે તેમ માણસને માથે સુખ દુઃખ રૂપી છાંયા સર્વ કાળ વર્ત્યા કરેછે તેથી ઉદાસી છોડી હીંમત રાખવી અને રાજને જેમબને તેમ સુધારવામાં કાંઇ હરકત નથી કેમકે આપણા પ્રધાનજી વીશાળ મતી ઘણાં ચંચળ અને વિદ્વાનછે માટે રાજ આબાદ રાખશે તેમ કુંમાર શ્રી પણ રાજ રીતીમાં કુશળ થતા જાયછે તેથી તેના ચંચળતા અને હુશીયારી જોતાં તે આગળ ઉપર જય મેળવી મહાન પ્રતાપી રાજા થશે એમ હું ધારૂંછું.

મીનળદેવી—દાસી તારૂં કહેવું વાસ્તવીકછે પણ કુંમારની વયહજી નાની છે અને રાજનું કામ ઘણું કઠણ અને જોખમભરેલું છે તે જાળવવું ઘણું મુસ્કેલછે હશે જે ભગવાને માંડયુ હશે તેમ થશે.

(એટલામાં)

ચોપદાર—મહારાજા દૌલતજાદા સહનસીલ સમશેર બહાદુર નામદાર ગુર્જપતી સીદ્ધરાજજીને ઘણી ખંમા.

(અવાજ કાને પડતાં દાસી)

વીજયા—બાઇ સાહેબ, કુમારશ્રી આપની પાસે પધારે છે, માટે કેમ ?

મીનળદેવી—ફીકર નહીં ખુશીથી પધારે.

સીદ્ધરાજ—માતુશ્રી હું આપને વંદન કરૂંછું. આજે તમારો

ચહેરો ઉદાસ જણાય છે તો આપ એવા ઉંડા વીચારમાં શું ઉતરી ગયાંછો તે કૃપા કરી જણાવશો.

મીનળદેવી.—(સહીયર દુઃખ શું દાખવું એ રાગ.)

પુત્ર પ્રતાપી તું માહરા, જાણું જીવન પ્રાણ;
તારે આધારે હું ટળવળું, સાલે શોકનાં બાણ. પુત્ર૦
પીતા મરણ પામ્યા તાહરા, ગયા સ્વર્ગ ભુવન;
બાળક વયછે તું બેટડા, કરવું રાજ જતંન. પુત્ર૦
રાજ કાજ કરવા મને, સોંપ્યું છે સર્વ કામ;
તારે આધારે હું જીવુંછું, જાણો આઠે જામ. પુત્ર૦

હે કુંવર તારી ઉમર હજી નાનીછે રાજકાજનો બોજો મારે શીર મહા વીકટ આવી પડયો છે અને હું ઘણીજ ગભરાઈ ગઈછું. માટે રજપુતાણી દુઃખથી ડરે નહીં પણ માત્ર તારી કીશોર વય છે તેથી હું દીલગીર છું. તેથી હવે પ્રવીણ થઇ રાજ લગામ હાથ કરો તો ઘણું સારૂં. તેથી ઉદાસવૃત્તી થઇ જીવને ચેન પડતું નથી.

સીદ્ધરાજ—નારાચ છંદ.(ચંદ્રમુખીને એકલી એ રાગ.)

તું ધૈર્ય દીલમાં ધરી, સુણો કથા કહું જરી;
છઠ્ઠી તણા ચુકે નહીં, લખેલ વાત તે ખરી.
અનાદી આદી કોઈના, પીતા અખંડ છે નહીં;
ઘડ્યા પડ્યા ભૂમી મહીં, સદાય નાશ છે અહીં.
ઉદાસ વૃત્તી છોડીને, કરો સુધર્મ કામને;
નીતી દયા દીલે ધરો, રટો રૂડાજ રામને.
અસૂર સૂર માનવો, રૂષિ ગણો સધર્મને;
પ્રવરતીને સૂખી રહે, કરેલ કર્મ પર્મને.

કરો સુરાજ રીતીશું, દુઃખી સમુદ્ર ડોળવો;
પ્રજા ગણો સપુત્ર માંય, ન્યાય સત્ય તોળવો.

હે માતાજી દીલગીર દુર કરી પ્રજાને પુત્ર સમ જાણી અદલ ન્યાય આપવો એ રાજાનો મુખ્ય ધર્મછે ને પ્રજાને સુખી રાખી સંપથી વર્ત્તવું એ મુખ્ય છે. બનવાકાળ આગળ કોઇની કારી ફાવે નહીં માટે દુઃખ વખતે ધીરજ ધરી આગળ પગલું ભરવું અને મારે આપણો મુલક જોવોછે માટે તમારો શું અભીપ્રાય છે ?

મીનળદેવી— (જોડી તમે ના જોઇ માડી એ રાગ.)

આપણો દેશ બધો ફરવો; (૨)
કળા કામ કારીગર છે, ગુજરાત દેશ ગરવો.
રાજ આબાદીપર રાખે, (૨)
દુશ્મન દેખી દગલ બાજ, કદી નજર કુડી નાખે.
જરા પણ મારૂં આ જોઇ, (૨)
થઇ હુશીયાર શુરાપણુમાં તું, ફાવે નહીં કોઇ.
જખુન આ વખત કુડો જાએ; (૨)
એકલ આંબા વ્રક્ષ જંગલમાં, તે ઉડી જાએ.
તેથી કરો સંપ સર્વ સાથે, (૨)
દુશ્મન ડરથી દૂર ઉભો જઈ, મૂઝાશે માથે.
મુસાફરી કરવા તું મારી. (૨)
સાથ ચાલને સુજ્ઞ ચતુર બની, આવે હુશિયારી.

માટે હે ભાઇ તું મારી સાથે વિદેશ પ્રવાસ કરવા ચાલ કે જેથી તારા સર્વે મનોવિકાર સુધરી જઈ અખુટ લાભ મળશે અને ક્ષત્રીનો ધર્મ બજાવીશ.

સીદ્ધરાજ— **બીહાગની ગઝલ.**

માતા વાત છે માહરી, સુણો તમે સદાય,
બાળક છઊં પણ કેશરીનું, તે છુપી નવ જાય.
દુષ્મનોની ભીડ દેખી, નહીં ડરૂં હું લગાર;
પરીયાનું બતાવું પાણી, નીશ્ચે નિરધાર.
દેશમાં રટણ કરવું, પંડીતોની પ્રીત;
કાગ સર્વેની કદર પીછાનું, રાજા કેરી રીત.
શાસ્ત્ર સકળ છે મંત્ર જંત્ર, ચૌદ વિદ્યા વાત;
વેદ ધર્મ ધ્યાન ગ્યાન. દાન માન સાથ.

માતુ શ્રી આપના પ્રતાપથી આખા હીંદુસ્તાનમાં ચઢાઇ કરી દુશ્મનોને જેર કરૂં એટલી હીંમત છે માટે તમારે કોઇપણ જાતની ધાસ્તી રાખવી નહીં મારા પીતા કરતાં હું વધારે જય મેળવું તોજ મારૂં નામ સીધરાજ માટે મુસાફરીનાં તમામ સાહીત્ય તૈયાર કરો અને આ પવીત્ર રાજ લગામ પ્રધાનજીને સોંપી જલદી રવાના થાઓ તો તો ઘણું સારૂં.

મીનળદેવી—બહુ સારૂં (દાસી પ્રત્યે) દાસી જમાદારને મોકલી પ્રધાનજીને જલદી તેડી લાવ કેમકે અમારે ફરવા જવુંછે માટે રાજની સોંપણી કરવી છે માટે એકદમ તેડી લાવે તેમ કર.

વીજીયા—બહુ સારૂં હું આ ચાલી (જાયછે ને જમાદારને તેડવા મોકલે છે તેડી લાવી હાજર કરે છે.)

વીશાળમતી—
પ્રધાનજી— } શું ફરમાશ છે માતુશ્રી હુકમ કરો તે ઉઠાવવા તૈયાર છું.

મીનળદેવી—હું સીદ્ધરાજજીને તેડી આપણો મુલક ફરવા અને

વાકેફ કરવા જઉંછું માટે આ પવીત્ર રાજલગામની ભલામણ આપને કરૂંછું માટે જેમ રઇયત ખુશી અને સુખ ચેનમાં દીવસ નિરગમન કરે તેવો પકકો બંદોબસ્ત રાખવો, અને આપણા રાજને ખલેલ ન પહોંચે તેવું કામ કરવા, હમેશાં કાળજી રાખવા મારી ભલામણછે.

વીશાળમતી—બહુ સારૂં તે બાબતની ચીંતા કાંઇ પણ ન રાખતાં નીર્ચીંતથી મુસાફરી કરી વેહેલાં પધારજો અને આ અણુહીલપુર પાટણને કોઈ પણ જાતની બનતાં સુધી અડચણ થવા કદી નહીંજ દઊં. આ હાડપીંજર છે ત્યાં સુધી કોઇ પણ ફાવવાના નથી એમ તમારા દીલમાં સજ્જડ ગાંઠ વાળી રાખજો.

વિદુષક—(સ્વગત) આપને ઠીક થયું. "ગુરૂ જશે ગામ ત્યારે ચેલો કરશે ચકદળીયાં" હાથ પગ ધોઈને રાજ સોંપેછે માટે ખુબ ડગળાં છોલજો. "ભાઇના છાજીયાંમાં એન ભણા શું મુકે કહ્યુંછે કે-

श्लोक.

अबळा यत्र प्रबळा, बाळो राजा निरक्षरो मंत्री;
नहिं नहिं तत्र धनाशा, जीवत्पासा विदुर्लभो भवतो.

અર્થ—અબળાનું જ્યાં રાજ છે, બાળક રાજાછે, ભણ્યા વિનાનો મંત્રી છે, ત્યાં ધન ક્યાંથી પ્રાપ્ત થાય પણ જીવવું એ દુર્લભ છે.

મા જશે આમ ત્યારે ભાઇનું થશે કામ. હશે તે પણ નશીબનું ખાશે એમાં આપણા બાપનું શું જશે પણ જીભ અપલક્ષણી રહેતી નથી. જે લવરી કર્યા કરે છે. ઠીક ચાલને જરા વાત તો ત્યાં છેડું.

(જાયછે.)

વિદુષક—માતુશ્રી હું આવ્યો મને કામ ચીંધો. કેમ પ્રધાનજી આપની પાસે બેઠાછે, ને ત્યાં શું ધામધુમ છે. હું દરબારમાં આવુંછું ત્યારે મારૂં મન પ્રફુલીત થાય છે.

મીનળદેવી—ભાઈ વિદુષક! કાલે મારે અને કુંવરને ગુજરાત ફરવા જવુંછે માટે રાજ વિશાળમતીને સોંપી જશું, તેથી તું પણ કામકાજમાં મદદગાર રહેજે. અને કામ પડે કે બજાવજે!

વિદુષક—મારા સરખું કામ હું બજાવીશ, પણ મને પુછશે તોજ. અને આપના રાજમાં કોઈ જાતની ગડબડ નહીં થવા દઊં માટે સુખેથી પધારો.

મીનળદેવી—જમાદાર ઘણો વખત ગયોછે માટે કચેરી બરખાસ્ત કરો.

ચોપદાર—કચેરી બરખાસ્ત નિવા રખો મેહેરબાન.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો. (છાવણી નાંખીને)

મીનળદેવી અને સીદ્ધરાજની વાતચીત.

મીનળદેવી—આહા! શું આપણા મુલકનો વિસ્તાર! કેવાં કેવાં શેહેરો અંદર આવી રહ્યાં છે. દેશાટણથી દીલ કેવું પ્રફુલ્લીત થાય છે અને બુદ્ધિનો ફેલાવ થાય છે. તે કહેતાં અશક્તછું. કેમ ભાઈ તારી તબીયત કેમ છે? મને શરીરે તો સારૂં છે.

સીદ્ધરાજ—માતુશ્રી સાંભળો—

श्लोक.

देशाटणं पंडीत मीत्रताच, वारांगना राज सभा प्रवेश;
अनेक शास्त्राणी विलोकयतानी, चातुर्य मुळानी भवंती पंच.

અર્થ—દેશમાં ફરવું પંડીત સાથે પ્રિતી બાંધવી, ગણીકા કેવી યુક્તિથી દ્રવ્યનું હરણ કરેછે તે જોવું અને હમેશાં રાજસભામાં બેસવું અને કેટલાક શાસ્ત્રોનું અધ્યયન કરવું. એ પાંચ બાબતથી બુ-

દ્ધિનો પ્રકાશ થાયછે. હે માતુશ્રી આપના પ્રતાપથી હું ખુશીમાંછું માટે હવે આગળ ચાલો. (જાયછે.)

મીનળદેવી—બહુ સારૂં ચાલો.

પ્રવેશ ૩ જો.

સ્થળ—કચેરી, અણહીલપુર પાટણમાં પ્રધાન, શીરસ્તેદાર, કારકુન, શીપાઈ, વિદુષક, જમાદાર વાગેરે.

વીશાળમતી—કેમ પાર્વતીપ્રસાદ ! કુંવર અને બાઇ તો રવાના થયાં. હવે શું કરવાનું ધાર્યું છે?

પાર્વતીપ્રસાદ—હાથ આવ્યું તે બાપનું માટે જેવો આપનો વિચાર. આપ કાંક વિચારી ઘર સાજું કરો તો આપણાં બાળબચ્ચાંને કોઇ જાતની અડચણ આવશે નહીં. કેમકે દેઢ પ્રભુ દામ છે દામથી સર્વ કામ થાયછે માટે આવેલો વખત અળગો કરવો નહીં.

વીશાળમતી—(ધીરજથી) એ તો ગેરવ્યાજબી કહેવાય કેમકે, વિશ્વાસઘાત કરવી એ મોટું પાપ છે. માટે કહ્યુંછે કે—

श्लोक.

मीत्र द्रोही कृत घ्नश्च; तथा विश्वास घातकः
तेनरा नरकंयाती याव श्चंद्रौ दिवाकर.

અર્થ—મીત્ર સાથે કપટ રાખનાર, કૃતઘ્ની, અને વિશ્વાસઘાતી જ્યાં સુધી સુર્ય ચંદ્ર તપે ત્યાં સુધી નર્કના અધીકારી થાયછે માટે એ કામ તો ન કરવું.

પાર્વતી પ્રસાદ—મોઢાંમાં આવેલો કોળીયો છોડે તેની અભાગ્ય અને પીરશેલું પકવાન ન આરોગે તેની પણ અભાગ્ય બાળબચ્ચાની જયઇચ્છોતો શાસ્ત્રનું કેહેણુ કામમાં આવવાનું નથી શાસ્ત્ર

પ્રમાણે ચાલો તો જુઠો જંજાળછે ને ત્યાગી કેમ નથી દેતા મોટ. મોટા દેવ થયા તે કેમ પૈસાને માટે ફરતા લાટયાછે જુવો પાંડવો કેમ પૈસાને માટે ભટકી સમૃધી હાથ કીધી માટે આપ વિચારો.

વીશાળમતી—તેણે જાહેર રીતે ખાધેલું છે પણ ચોરીનો માલ એ નેષ્ટછે મારી આબરૂ જાય અને ગઈ આબરૂ પાછી મેળવવી એ કદી જાણવુંજ નહીં માટે પાપ કોઇ દીવસ છાનું રહે નહીં અને આખર ખરાબી થાય માટે તમારો અભીપ્રાય મને ઠીક લાગતો નથી આપણો પગાર કાંઈ કમતી નથી માટે દુષ્ટ કામથી દૂર રહેવું તેથી ઈશ્વર સદાકાળ પ્રસંન રહેછે.

(એટલામાં વિદુષક પ્રવેશ કરેછે)

વીદુષક—કેમ સાહેબજી ભગો કરવાની વાત ચાલેછે કે પણ જાળવજો મારૂં ભેગું કરજો પ્રધાનજી તો દાનત નાપાક થયા પણ લાલની ડગળી ખસી જણાયછે લાલ આવાં પાપ શાં કરોછો ને અવળી બુદ્ધિ ચલાવી રાજાને નષ્ટકરી આવતો ભક્ષ અટકાવોછો એ કામ સારૂં નથી ઠીક જે થાય તે ભલે થાય સૌ સૌની પાગડી સંભાળજો.

વીશાળમતી—વીદુષક તેં વાત સાંભળી જણાય છે ખોટું બોલીશ નહીં. સત્યનો બેલી ઈશ્વર.

વીદુષક—એમ જાણશો તો નભશો નહીંકર ટકાના ત્રણશેર ખપશો પછી કોઈ બીજે ઠેકાણે પરબમાં પાણી પાવા પાંચ રૂપીઆ ને મહીને પણ રાખશે નહીં માટે સાચને ન લાગે આંચ આપણો તો એ મત છે માટે ચેતીને ચાલજો.

વિશાળમતી—તારૂં કહેવું બરાબરછે ધણીએ જે ખુશી થઇ પગાર વધાર્યો તે માન્ય કરી બરાબર નોકરી કરવી તેને જશ આપવો અને કામ બરાબર બજાવવું તો ઇશ્વર તેને કોઈ દીવશ દુઃખી રાખે નહીં.

વીદુષક—પાંચ આંગળી સરખી નથી હોતી પણ કેટલાક રજવાડામાં હલકી બુદ્ધિવાળા કુતરવેડા કરવામાં લાભ ધારે છે પણ આખર ધર્મોજય, ભાઇ નરશા કામમાં તો ડોહલાં બેસેજ અને આબરૂ ગઇ કદી આવેજ નહીં માટે ધર્મથી વર્તવું એ સારૂં છે.

વીશાળમતી—બરાબર છે પણ પેલી અપીલો અને ફેંસલાના કાગળોછે તેમાં તમે પણ ધ્યાન આપી હમેશાં કચેરીમાં આવજો.

વીદુષક—જો જો વળી લોકનાં ગળાંનાં લુંછતા નહીકર નીસાસો લાગશે તો દુઃખી થશો. શીખવવા સો મળે પણ દુઃખ વખતે કોઇ ન મળે. પ્રજાને થાય મજા એવાં કામ કરવાં.

વીશાળમતી—બરાબર છે હું કાંઇ ખટપટીયો અને રાજને ખલેલ આપું તેમ નથી રાજની કીર્તી વધારવાનો મારો હેતુ છે માટે નીતી નહીં તજું.

વીદુષક—મેં ખબર સાંભળ્યા કે માળવાનો રાજા ચઢાઇ કરવા આવવાનો છે માટે કદી આવે તો શું મત છે.

વીશાળમતી—ફીકર નહીં તેને પરશાદી ચટાડી પાછો કાઢશું.

વીદુષક—હા કોઈ નથી ત્યારે ફાટેલા ફાળીયાને થીગડું દઇ ચલાવવું અને રાજ આબાદ રાખવું પોલાર જણાવા દેવું નહીં.

વીશાળમતી—હા તેમજ કરશું. હવે ઘણો વખત થયો માટે હું જઉં છું.

વીદુષક—ત્યારે હું આંઈ શું એકલો ધુણું ચાલ ઘેર જઉં બાયડી ઘેર છાજીયાં લેતી હશે.

(વીદુશક તથા પ્રધાનજી જવાનું કરેછે એટલે)

પાર્વતી પ્રસાદ—એલા વીદુશક તારા ગજવામાં શું ભર્યું છે લાવ જોઇએ.

વીદુષક—હાતો મને મોટાઓનાં સર્ટીફીકેટ મળેલ છે મેં બહુ રાજના કામ કરેલાં છે.

પાર્વતી પ્રસાદ—(કાગળો કાઢી વાંચે છે એટલે કંકોતરીયો અને મેલા નજરે પડેછે તેથી) એલા આતો કંકોતરીઓ અને મેલા છે સર્ટીફીકટનો એકે નથી.

વીદુષક—એ અમારાં સર્ટીફીકટ મારે ક્યાં નોકરીની છ બદામ ક્યાંઈથી લેવી હતી છોકરાને ગાંઠીયા બાંધવા તો થશે.

પાર્વતી પ્રસાદ—જા જા તારામાં બુદ્ધિ નથી.

વીદુષક—બુદ્ધિ નથી ત્યારેજ અવળો બોધ દેતા હતા પણ ભાઈ કાળજે ચોકસ છે તેથી આપનું વેણ ન માન્યું નહીં તો તમેતો છોબન કરી નાખત સમૂળા નોકરીથી જાત એવો બોધ કરતા હતા પણ હજી તેનો પ્રભુ પાંશરોછે ત્યાં સુધી ખરાબ વિચાર થાવજ નહીં.

પાર્વતી પ્રસાદ—ઠીક ભાઇ જે તું કહેછે તે ખરૂં તારા ઉપર ધણીની મેહેરબાની છે એટલે ઠીક છે નહીંકર મારકીટમાં મુળા ડુંગરી કરડી જીવ જાત.

વીદુષક—આપને મતે ચાલે તો તેના એજ હવાલ થાય.

વીશાળમતી—ચાલો વખત ઘણો થયો માટે કચેરી બરખાસ્ત કરો.

ચોપદાર—કચેરી બરખાસ્ત નીઘા રખો મેહેરબાન.

(સર્વે જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

વીદુષક અને કેટલાક બ્રાહ્મણો જમીને આવેછે.

વીદુષક—ભટજી કેમ ડોલાં ખાતા ખાતા આવોછો.

ભોગળ ભટ—(કહું શું નશીએ દુઃખીયો કીધો છે એ રાગ)

ગડગડીયા મને ગમતા નથી, બાળા ગોળી શું મારી પ્રીત બંધાણી;
લાડુ બનાવ્યા હતા લચપચતા;
આવી આરોગે ઇંદ્ર ઇંદ્રાણી. ગડગડીયા૦
શાકર કેરાં ચુરમાં કર્યાં હતા;
ઉપર ઠંડા પીધાં છે મેં પાણી. ગડગડીયા૦

ભાઇજી લાડુ ખુબ લીજતદાર હતાં શાક પણ ભીંડા કારેલાં વાગેરેના હતાં તેથી ખાવાની ખુબ બહાર પડી હતી તેથી ઘેન ચડયું છે

વીદુષક—હવે ઘર ભેગા થાવો નહીં તો અંતરીઆળ રહેશો અંન પારકું હતું પણ પેટ પારકું હતું કે જેને તેને ઘેર વાઘ મારણ કરોછો કોક દીવેસ મરી જશો અન મારે ને અન ઉજવાડે પણ તમે કેમ કસટાઓ છો ભટજી મહારાજ.

ભોગળભટ—જરાવધારે જમાણું તેથી પેટમાં દુઃખવા આવ્યું છે ને જીવ ચુંથાયછે.

વીદુષક—લ્યો ગાંધીને ત્યાંથી ફાકી લાવી આપું.

ભોગળભટ—ફાકીનો મારગ હોયતો મને પાલાડવો વધારે ખાતાં શું થતું હતું.

વિદુષક—મરેરે બડખવા તારા પીળા બળે લાકડાંની ખોટ ચાલ્યો જા તેવું લાગેછે જાજા ઘર ભેગો થા ભટાણીના ભોગ મળ્યા જે અઝડ સાથે પાના પડયા.

ભોગળભટ—(આંખ ચડાવી) તારી કાગ બોલી મટી નહીં વીદુશક તું આખલા જેવો રહ્યો વરષાસન છે ત્યાં સુધી સારૂં છે પછી કાશીદુ કરવા કોઈ રાખે તેમ નથી યાદ રાખજે મારો બોલ.

વીદુષક—તુ જેવા ઘણાયછે કાશીદું કરનાર છે.

ભોગળભટ—જા જા નફ્ટ તારી સાથે વાત નહીં કરૂં;
વિદુષક—નકર તો ચુલામાં પડ. [બન્ને જાયછે]

પ્રવેશ ૫ મો.

સ્થળ—કચેરી.

માળવાનો રાજા યશોવર્મા બેઠોછે પ્રધાનજી વીષ્ણુપ્રસાદ ચોપદાર શીપાઈયો વીગેરે.

ચોપદાર—મહારાજા માળવપતી યશોવર્માને ઘણી ખંમા પ્રધાનજીકી સલામપેં નીઘા રખો મેહેરબાન

વીષ્ણુપ્રસાદ—મહારાજા ધીરાજ શું ફરમાશછે?

યશોવર્મા—આપણો બાળ્ લક્ષ માળવો હાલમાં છે તેને સીમાડે ગુજરાતની સરહદ છે તો તે રાજ નાનું છે માટે ચડાઇ કરી તાબે કરી લઇએતો તમામ ફીકર દુર થાય કેમ શું મત છે.

વીષ્ણુપ્રસાદ—હું આપના મતને મળતો છું માટે કર્યુ તે કામ સમજી સરળંધીઓને અને સેનાધી પતીને હુકમ કરોકે સાબર મતીની સરહદ પર ગુજરાતને ઘેરો ઘાલવા તૈયાર થઈ રહે.

યશોવર્મા—આ બાબતની તમામ ભલામણ આપને કરૂંછું ને કાલે લસ્કર લઇ ચડવું માટે તમામ સરંજામ તૈયાર કરોજાઓ અને કચેરી બરખાસ્ત કરો.

સીપાઈ—કચેરી બરખાસ્ત. નીઘા રખો મેહેરબાન.

(જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તાનું મેદાન.

સીપાઈ, વિદુષક, યશોવર્મા, ચોપદાર, ચાંદખાં વીગેરે.

પહેલો સીપાઈ—સેનાધીપતી. આપણને સાવધ રહેવાનું રા-

જાએ ફરમાવેલું છે, અને જે ઠેકાણે આપણને ઉભા રહેવાનું સ્થાનક બતાવેલ છે તેજ આ મેદાન. હવે આપણે બહાદુરી કરવી.

બીજો સીપાઈ—અરે યાર એકદમ આવવું પડયું તેથી ઘેર દાણાપાણીનો પણ બંદોબસ્ત થયો નથી. ફતુડીની માના શાહવાલ થશે.

ત્રીજો સીપાઈ--હવે એસી બાત કયા કરતે. જરા બીચાર કર. ખુદાને સબકે બાસ્તે દીયાહે સો ખાયગા.

ચોથો સીપાઈ—અહા ખુબ સુરતકું છોડકે ઇદર આયા મુફતકા મર જાયગા. રાજા કુચ્છ ફાયદા કરે તો અચ્છા.

પાંચમો સીપાઈ—દેખ્યા દેખ્યા ખુબ સુરતીકા દેખાવ. ગધે જેસા મોં હે ઓર ખુબ સુરતી બોલતા હે.

વિદુષક—(આવીને) જમાદારો શું દુઃખની વાતો કરોછો? હવે તમારી શેખી છોડો તો સારૂં, હરમના પગાર નથી આવતા.

બધા સાથે—સાબ જીસ કામમેં ખડા કરોવો કામમેં તાબેદાર હે. સબ છાવણી તૈયાર હે.

વિદુશક—ઈતો મને ખાત્રી છે કે ઉત્તર લડાઈ થતી હશે તો દક્ષીણમાં દોટ કાઢશો એવા રાજના બેર ખાયાછો. ચટણીને રોટલા ખાઓ અને હમણાં તો હોકલીયું ફુંકો. લડાઇનો વખત આવશે ત્યારે તમારી બહાદુરીનાં ચીન્હ બહાર પડશે.

બધા સાથે—સાહેબકા હુકમ તો આપકું જસ દેગા.

વિદુશક—હા જશ એમાં શું વખાણ કરવાં. મને ખાત્રીછે કે સવા પાલીનો ગરભલો ખાઈ ખુણો ગોતશો એ મેં આગળથીજ વીચાર્યું છે જે, ખીચડકુટ ભેગા થયા છે.

બધા સાથે—સાબ એસી મશ્કરી મત કરના.

વિદુશક—ત્યારે હવે જોશું તમારી બહાદુરી.

(ચોપદાર યશોવર્માને પ્રવેશ કરાવે છે. સર્વે સલામ ભરી હથીયાર હાથ ધરી ટટાર થઇ જાય છે.)

યશોવર્મા—ચોપદાર, આપણું લશ્કર તમામ આવી ચુક્યું તેની તપાસ કરી મને કહો ?

ચોપદાર—હાજી, સર્વે આવી પહોંચ્યું.

યશોવર્મા—એક શીપાઇ સાથે અણહીલપુર પાટણમાં કહેવરાવો કે, કાંતો લડાઈ કરે, નહીં તો શેહેર છોડી કારભારી અને રાજા ચાલ્ય જાય.

ચોપદાર—બહુ સારૂં. ચાંદખાં તમે ગામમાં જઇ કહી આવો કે કાંતો લડાઈ કરો નહીં તો ગામ છોડી ચાલતા થાઓ એવું માળવાના મહારાજા ધીરાજ યશોવર્માએ કહેવરાવ્યું છે તેવું અણહીલપુરના દરબારમાં જઇ જે હોય તેને કહેવું.

ચાંદખાં—બોત અચ્છા હજરત. જાહેર કરકે અભી આઉં ઓર ઉનકા પીછા ઉતર લેકે અભી આયગા. (જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—કચેરી.

વીશાળમતી, પાર્વતીપ્રસાદ, સેનાધીપતી અને પછીથી વિદુષક અને યશોવર્માના સીપાઈ, ચાંદખાંનું આવવું અને જવું.

વીશાળમતી—
પ્રધાનજી— } કેમ પાર્વતીપ્રસાદ હવે રાજ સૌ સલાહ સંપથી વર્તેછે ? પણ પેલો માળવાનો યશોવર્મા બહુ જોરમાં આવી ગયો છે.

પાર્વતીપ્રસાદ—પ્રધાનજી તેમજ છે। આપણી રઇયતને નાહક હેરાન કરેછે માટે તેનો કાંઇ ઇલાજ લેવો જોઇએ.

દરવાન—અરે મારા બાપ. મારા ટાંટીયા ભાંગી નાંખ્યા.

અહીંથી તો ચલાતું પણ નથી.

સેનાધીપતી—ઈશું. કેમ કરતાં ટાંટીયાં ભાંગી ગયા બોલ.

દરવાન—મહારાજ, આપણા ગામના દરવાજા ભાંગી પેલો માળવાનો રાજા યશોવર્મા લસ્કર લઈ આવેલ છે એ લસ્કર લઈ ગામમાં પેશી ગયો છે. એક સીપાઈ સાથે આવ્યો છે.

વીશાળમતી— } શીપાઇ ક્યાંછે. (એટલામાં શીપાઇ આવેછે)
પ્રધાનજી— }

ચાંદખાં—મહારાજ યશોવર્માએ ફરમાવ્યું છે કે, રાજ છોડી ભાગી જાઓ ને રાજ અમારે હવાલે કરો, નહીંકર લડવા તૈયાર થાઓ.

વીશાળમતી— } કેમ સેનાધીપતી હવે શું કરશું લસ્કર એકદમ આ-
પ્રધાનજી— } વી પહોંચ્યું.

સેનાધિપતી—પ્રધાનજી લસ્કર એકદમ આવી પહોંચ્યું છે ને આપણું લસ્કર તૈયાર નથી તેમ આપણો કાંઇ બંદોબસ્ત નથી તેથી તેને કાંઇ લાંચ આપી કાઢીએ તો ઘણું સારૂ કેમકે આપણે તેને જીતી શકશું નહી તેમજ કુંવર તરફથી ઠપકો આવશે માટે તેને સમજાવી પાછો કાઢવો.

વીશાળમતી— } તમારૂં કહેવું ખરૂં પણ કુંવર તરફથી તથા માતુ-
પ્રધાનજી— } શ્રી તરફથી તો ઠપકો નહી આવે કે અમારી આબરૂને બટ્ટો બેશાડવો.

પાર્વતી પ્રસાદ—એમાં બટ્ટો તે વળી શાનો બેસાડવો રાજ જાય ત્યારે કુંવરને માતુશ્રીને કેજો કે અમે કમાણી કરી પછે પાઘડી બાંધજો જો રાજ હશે તો આપણા પગાર ચાલતા થશે નહી. તો ઘેર બેઠા હજામત કરજો કોઈ સીધો નહી એને માટે લાંચ આપી કાઢી મેલોને એટલે આબાદી રહેશે.

વીશાળમતી-- } ઠીકછે વારૂં ચાલ હું તેની છાવણીમાં જઉં
પ્રધાનજી— } ને સમજાવું.

વિદુષક—કેમ પ્રધાનજી તમારાં તથા સેનાધિપતી વાસ્તે ગે-દડું લાવું.

વીશાળમતી— } એમ કેમ બોલે છે વિદુષક.
પ્રધાનજી— }

વિદુષક—પોસ મહીનાની ટાઢ છે તે વાસ્તે સાહેબજી.

વીશાળમતી— } તેમ કાંઇ અમે બીહીને નથી કર્યું સેનાધિ-
પ્રધાનજી— } પતી તથા પાર્વતી પ્રસાદની મરજી લઇને કર્યું છે કે તેને જીતશું નહીં.

વિદુષક—સેનાધીપતી પાસે જઇને છાતીએ હાથ અડાડીને આ સેનાધિપતીની ડાકલી બંધ થતી નથી કેમ. સીકોતેરના કે મેલડીના જપાય છે વારૂ હવે કેમ ઢીલા પડી ગયા છો.

સેનાધિપતી—વિદુષક અમારી વાતમાં વચ્ચે ન બોલવું નહી-કર પસ્તાઇશ તારે મશકરી ભાસે છે.

વિદુષક—હવે પસ્તાવાનુ બાકી શુ રહ્યું છે કુંવર સાહેબ તથા માતુશ્રી આવે ત્યારે આ તરવાર પાઘડીપટો ઉતારી મને આપજો. બાજ્યાં તમારાં દાતરડાં રાજને રક્ષા કરવા રાખ્યા ત્યાં ઉંદરે હંસની પાંખ કાતરી લો લહુ કરી દીધો તેવી તમારી સોબત થઈને નોક-રીમાં દાખલ કર્યા તો તમે રાજનું લીલુંજ કરશો એવી ખાત્રી છે.

સેનાધિપતી—મેહેરબાન સાહેબ જાઝા બોલવા એ સારા નથી હાડીયાને હસવું થાય ને દેડકાનો જીવ જાય માટે અહીં એ વાત છોડવી બંધ કરો.

વિદુષક—ચાલ ભાઇ સો લગોટી સાંધતા ચોફાળ નહીં ખી-લાય લંગોટાથી ગામ મરત તો સદાવ્રત પર પગલાં કોણ ભરત

બીચડાં કુટથી કાંઈ રાજને ફાયદો થાય તેમ નથી.

(એમ કહી જાય છે.

વીશાળમતી—અરે માળવાનું અહીં કોણ માણસ આવેલુંછે.

ચાંદખા—હું સાહેબ શું જવાબ આપો છો.

વીશાળમતી—ચાલો મારી સાથે તમારા રાજા પાસે આવી ખુલાસો આપું.

ચાંદખા—બહુ સારૂં ચાલો. [બન્ને જાયછે]

પ્રવેશ ૮ મો.

સ્થળ—મેદાનમાં યશોવર્માની છાવણી, ચોપદાર યશોવર્મા અને સીધરાજના પ્રધાનનું આવવું.

ચોપદાર—મહારાજા ધીરાજ માળવપતી યશોવર્માને ઘણી ખંમા સેનાધીપતીની સલામપેં નીગારખો મેહેરબાન.

યશોવર્મા—સેનાધીપતી શું ખબર આવ્યા લડાઇ શરૂકરવી છે કે તેનું શું થયું.

સેનાધીપતી—મહારાજા ધીરાજ ચાંદખાં હજી આવ્યા નથી પણ પેલું કોઈ સાથે લઇ આવે એમ લાગે છે.

(એટલામાં વીમળમતી અને ચાંદખાં દાખલ થઈ સલામ ભરેછે.)

યશોવર્મા—ચાંદખાં શું ખબર લાવ્યા છો તે કહો ?

ચાંદખાં—હજરત સાહેબ આ તેના કારભારીને સાથે લાવેલ છું વળી સીદ્ધરાજ તથા મીનળદેવી ગુજરાત ફરવા ગએલછે ને રાજ કારભાર પ્રધાનજીને સોંપેલ છે તે પ્રધાનજી, આ આવ્યા તેને પુછો ?

યશોવર્મા—એક તેને માટે ખુરશી લાવો.

(ખુરશી આપી બેસારેછે બેઠા પછી

આપનુ નામ શું અને આ બાબત શું જવાબ આપો છો.

વીશાળમતી—મારૂં નામ વીશાળમતી છે માટે આપને જવાબ આપવાનેજ હું આવ્યો છું. આપ જેમ કહો તેમ કરવા તાબે છકેં ક્ષત્રીનો ધર્મ શું છે કે ધણી સાથે વાતચીત અંગર ચઢાઈ કરી મુલક હાથ કરવો પણ અહીં તેમાંનું કોઈ નથી માટે આપ કહો તે ખરૂં ?

યશોવર્મા—સીંહન લોયો પાછો જાય નહીં અને અહીં આવતાં ઘણો. ખર્ચ થયો છે તે આને માટેજ.

વીશાળમતી—(ખાનગીથી કાનમાં વાત કહે છે અને રૂશવત આપવાનું કબુલ કરી જાય છે) હું હમણા મોકલાવું છું.

યશોવર્મા—મજુર અહીંથી મોકલું કે કેમ ?

વીશાળમતી—ના ના હું પહોંચાડીશ ફીકર નહીં. (જાય છે)

(રૂશવત આપેછે તેથી લડાઈ ન કરતાં પાછો જાય છે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—અણહીલપુરની કચેરી.

વીશાળમતી અને શીરસ્તેદાર વીદુષક વીગેરે.

ચોપદાર—મહારાજા ધીરાજ ગુર્જરપતીની કચેરીને ઘણીખંમાં નીગા રખો મેહેરબાન.

વીશાળમતી -પાર્વતીપ્રસાદ કુતરાના મોઢામાં કાંટા નાખી પાછો કાઢયો શું કરીએ પોદળો પડયો તે ધુળ લીધા વીના કેમ રહે.

પાર્વતી પ્રસાદ—બહુ સારૂં થયું સર્વની લાજ રહી નહીકર પારકાને તાબે જવું પડત પ્રભુ કરે તે ભલુંજ કરે.

વીશાળમતી—હવે મહારાજાને ખબર મોકલીએ કેમ.

પાર્વતી પ્રસાદ—હાજી જાહેર તો કરવું જોઈએ.

(વીદુશક પ્રવેશ કરે છે)

વીદુષક—પેલા ચોફાળીયા આવ્યા હતા તેનું શું કર્યું;

વીશાળમતી—પેટમાં દુઃખે ત્યારે અજમાંની ફાકી દેવીજ જોઈએના પરશાદીથી ઠાકોરજી પણ પ્રસંન રહેછે માટે "જર ચાલેસો કર" આપણી લાજ રહી.

વીદુષક—ભાઇ, ભાઇ, ભયો ભયો કહેવાણું.

વીશાળમતી—આ ખબર તમે જ્યાં મહારાજા સાહેબ હોય ત્યાં જઈ આપો.

વીદુષક—બહુ શારૂં હું સર્વ હકીકત માંડીને કહીશ આ ચાલ્યો.

(જાય છે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—જંગલ.

મીનળદેવી અને સીધરાજ પછીથી વિદુષક.

મીનળદેવી—ભાઈ મારી જમણી આંખ ફરકેછે માટે કાંઇ પાટણમાં વિપરીત થયું હોય તેમ લાગે છે.

સીદ્ધરાજ—માતુશ્રી આપણને રસ્તામાં શીયાળ આડા ઉતર્યા ત્યારથી મને પણ ધાસ્તી રહેછે.

(એટલામાં વીદુષક આવીને)

વીદુષક—માતુશ્રી સર્વને વંદન કરૂંછું.

મીનળદેવી—(દુઃખણાં લઈ) વીદુષક તું કેમ હાંફી ગયો છું અને શા ખબર છે ભાઇ, તે જલદી કહી આપ.

વિદુષક—માતુશ્રી દીવા વીનાનું અંધારૂંજ રહેછે.

હેમખેમ તો રહ્યા જીવતા નર તો ફેર બસાવે ઘર.

સીધરાજ—અણહીલપુરના ખબર આપો. તે જોવા અને સાંભળવા હું ઘણો ઈનતેઝાર છું.

વીદુષક—માળવાનો રાજા યશોવર્મા લસ્કર લઇ લડાઇ કરવા આવેલ તેને રૂશવત આપી પ્રધાને પાછો વાળ્યો છે સર્વે ખુશીમાં છે પણ જમ ખોરડાં ભાળી ગયા હવે જે બને તે ખરૂં.

સીદ્ધરાજ— **રાગ ક્ષત્રી કલંક.**

મારા ગુર્જરને બેસારી ગાળ,
પ્રધાને મારૂં પાણી ખોયું રે;
વાત સુણી ચઢ્યો અતી કાળ;
લસ્કર ગયું છે ન લોયું રે. ટેક.
અહીંથી જઈને કરૂં સંગ્રામ. પ્રધાને૦
પેહેલી સ્વારી તો માળવા મુકામ. પ્રધાને૦
માર્યું ભાલું ચોરીને ઘેર. પ્રધાને૦
યશોવર્માને મારવો ઠેર. પ્રધાને૦

મીનળદેવી— **ઠુમરી ભેરવીની ચાલમાં.**

(મેંતો શાહજાદેકું ઢુંઢન ચલીયાં રે. એ રાગ)

સુંણુ પુત્ર પ્રતાપી તું પ્યારા રે. ટેક.

બાળક વયછે તારી બેટા, સુખ દુઃખના છે વારા રે; સુંણુ.
કોમળ વય કીશોર પણુંછે, કયાં ઈંદુ કયાં તારા રે, સુંણુ.
બળીયા સાથે બાથ ભીડવી, આખર થાય ખુવારા રે. સુંણુ.
દયા નહીં દુસ્મનને આવે, અંગ ઝરે અંગારા રે. સુંણુ.

જુદ્ધ વખત હે નથી કુંવરજી, દીઠી નથી હજી દારારે. સુંણ.
કોમળ વદન મનોહર કાંન્તી, નોધારાના આધારારે; સુંણ.

ભાઈ સમયને અનુંસરીને ચાલવું એવો મારો મત છે. કોઈ જગ્યાએ સહાસ કામ કરવામાં ફાયદો નીકળ્યો નથી. નમ્યું તે ઈશ્વરને ગમ્યું માટે હવે ચાલો પાટણ જઈએ.

સીદ્ધરાજ—સર્પના દરમાં હાથ ઘાલી મણીધરની મણી લેવા કોની તાકાદ છે ? ધીઃકાર છે જે ક્ષત્રીની કુખમાં આળોટી રોઇ રોટલો માગી રાજને ડુબાવેછે આ બાબત હમણાં તો કાંઈ છે નહીં પણ તેનું લાગે લાકડું ભાંગ્યા વિના કદી રહેવુંજ નથી માટે હમણાં તો ગળી ખાઓ અને પાટણ ચાલો.

મીનળદેવી—જલદી ત્યાંજ અહીંનો ઉપડયો મુકામ કરવોછે માટે ત્વરાથી ચાલો. (જાય છે)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—અયોધ્યામાં એક સુંદર બગીચો ખાનગીમાં.

મધુમુખા અને દાસીની બગીચામાં વાતચીત.

મધુમુખી-- **મહાડ.** (મારાપંથી રામ પ્રણામ એ)

હે સહીયર સુંણને વાતરે, આ શું વનલત્તા ફળી;
વક્ષ ખીલ્યા શું વસંતરે, કાચી કળીયો શું લળી. ટેક.
ચંએલીને ચંપો મરવો, દાડમને વળી દ્રાક્ષ;
તેપર સૂડા સાટકેછે, સુંદર લાગે સાખરે. હે૦
લાલ ગુલાંબી શ્વેત કળીપર, મધુકર કરત ગુંન્જર;
કોકીલ આંબા ડાળ ચડી, કરે ટહુકા વારમવાર. હે૦

મોર મનોહર શેર સુડા શુક, ચાતક ચીતમાં ચહાય;
પીયા પીયા પુકારે વનમાં, આનંદ ઉત્સવ થાય. હે૦
પક્ષી પોત પોતાને માળે, બેશી ઉડાવે બહાર,
કાંન્ત વિના દિલ શાંન્ત ન થાએ, લક્ષ વસાથી લગાર હે૦

મારી કોમળ વયછે અરે સખી વ્રહાગ્નિની બળતરામાં મયુર અને કોકીલા સુંદર સ્વરથી બાવરી બનાવી દે છે પણ ઈચ્છાવર શી વાય સુખશાંન્તીનું અમૃત પાન થવું ઘણું મુશ્કેલછે. માટે શું કરવું સખી. ?

લલીતા— **કેરબો.**

સાંભળ શાણીવાત જાણી વદું એક વાણીરે;
વદું એક વાણીરે, કેહેવી સાચી કહાણીરે; ટેક.
બાળાપણની તું સાહેલી, કરતાં વિદ્યાભ્યાસ;
મીન ટળવળે જળની વીના, એમ ફરૂં ઉદાસ; સાં૦
પડે પારખ્યું પુરૂષ પ્રીયાનું, પંથે કાં પાડોસ;
અમૃતનાં ફળ મધુરાં આવે, સુખ થકી સંતોષ. સાં૦
છઉં અજ્ઞાની ભોળી, કાલી ઘેલીના કીરતાર;
મૈત્રી ભાવ બતાવું મારો, અરે સખી આ વાર. સાં૦
સિદ્ધરાજની છબી બતાવું, છે સોલંકી જાત;
લક્ષણ બત્રીશ વાળો જેણે, ઘેર કર્યો ગુજરાત. સાં૦

આ છબી ગુર્જરપતી મહારાજા ધીરાજની છે માટે તમારો શુ અભીપ્રાય છે ?

મધુમુખી—દાસી હું તેને કાગળ લખું લાવ ખડીયો ને કલમ એટલે લખી એક જાસુદને રવાના કરીએ.

લલીતા—}બાઇ સાહેબ લ્યો હું દોત કલમ લાવું.
દાસી—}

(જાયછે ને કલમ ખડીયો તથા કાગળ પાસે મુકેછે મધુમુખી લખી રહ્યા પછી.)

મધુમુખી—દાસી સાંભળ મેં પત્ર લખી કાઢયો તેની હકીકત એક ચીતથી શ્રવણ કર.

લલીતા—}વાંચો જોઇએ.
દાસી—}

મધુમુખી—(કાગળ હાથમાં લઈ) રાગ ગુરૂગોવીંદના મહીનાનો.

અણહીલપુર પાટણ માંય, આપ બીરાજયારે;
છબી ન્યાળી સંતોષે છે કાય, રૂડાછો રાજારે;
આપ રૂપ ગુણ સુણી ઉલ્લાસ, પંથે પળજોરે;
અયોધ્યામાં છે મારો નિવાસ, વેહેલા વળજોરે.
તમ દર્શન કેરી આશ, દીલમાં ધારૂંરે;
આંહી રચ્યો સ્વયંવર ખાસ, મન છે મારૂંરે.
વેગે આરોપું તમને વરમાળ, નિશ્ચે જાણોરે;
અંદેશો અંતર તતકાળ, જરા નહી આણોરે.
પત્ર વાંચીને પલભર ખ્યાલ, પાણી પીવારે;
નવ રોકાશો હે પ્રાણનાથ, છો કુળ દીવારે.
બીજા મારેછે ભાઈ ને બાપ, ધીરજ ધરજોરે;
ખરૂં કહુંછું જાણો શુદ્ધ ખાપ, ઢીલ ન કરજોરે.
દાસી કાંઈ લખવામાં ખામી હોય તો બતાવી આપજે.

લલીતા—કાંઈપણ ખામી નથી હવે રવાના કરો એટલે

જવાબ આવી જશે.

મધુમુખી—કોઇને બોલાવી લાવી તે પત્ર સીધરાજને આપે તેવા ભરોસાદારને પત્ર આપવાનો બંદોબસ્ત કરજે લે આ કાગળ. (કાગળ આપેછે દાસી કાગળ લઈ રવાના થઈ માણસ મોકલે છે.

(રાત જવાથી સુઇ જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—સ્વારીનો મુકામ.

સીદ્ધરાજનો શયનગ્રહ.

સીધરાજ સુનાછે ત્યાં એક શીપાઇ આવીને.

સીપાઈ—મહારાજ તો ઉંઘી ગયાછે આ કાગળ આવ્યો છે મહારાજ સાહેબ.

સિદ્ધરાજ—કોણછે.

શીપાઇ—એક કાગળ આપના ઉપર આવ્યો છે.

સીધરાજ—લાવો જોઇએ.

સીપાઈ—લો સાહેબ (હાથમાં આપેછે એટલે)

સીદ્ધરાજ—(કાગળ ફોડી વાંચેછે અને બીજો કાગળ લખવાને માટે) ખડીયો કલમ કાગળ લઇ આવો ?

સીપાઈ—બહુ સારૂં (લાવી હાજર કરેછે એટલે લખી કાઢીને)

સીદ્ધરાજ—(વાંચેછે) સ્વગતથી.

સોરઠની ગઝલ.

(મદમત લોચન ડોલતો અલી એ રાગ.)

હે પ્યારી તારા પ્યારનો, હું ચિતાર ન્યાળી ખુશી થયો;

આનંદ સાગર ઉછાળ્યો, દુધે ઉદયો ધન રહ્યો.
દશ દીનમાં આવું અયોધ્યા, નારી નીશ્ચય જાણજો;
છેલ્લું સ્વરૂપ સિદ્ધરાજ, દેશ ગુર્જરપતીજ પીછાણજો.

(પછી બીડીને) શીપાઈ આ કાગળ અયોધ્યા પહોંચાડો અને અયોધ્યાની કંકોત્રી આવીછે માટે ત્યાં જવાની તૈયારી કરવા સેનાધીપતીને વરધી આપો.

સીપાઈ—બહુ સારૂં આપનો હુકમ શીર ચડાવી આ પત્ર રવાના કરૂંછું. સેનાધીપતીને અયોધ્યા જવા ખબર આપી જલદી આવુંછું સલામ સાહેબ. (જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—અયોધ્યાનો ખાનગી બગીચો.

મધુમુખી—દાસી સાંભળ પત્ર લખ્યે ઘણા દીવસ થયા પણ આવ્યા નહી.

રાગ સીતાજીના મહીના.

સખી સાંભળ માહરી વાત, કાગળ લખ્યો કંથને;
સમાચાર આવ્યા નહીં કાંઇ, મોટાં ગુણવંતને.
સીંહ બચ્ચાને કદી સદાય, શીખવવું પડે નહીં;
એતો અચરજ અમને થાય, થયું હશે શું સહી.
સીદ્ધરાજ વિના બીજા સર્વ, મારે ભાઇ બાપ છે;
કર્યું દઢ મેં દિલની માંહી, શાસ્ત્ર તણી છાપ છે.
જોગી ભમર ભુલો પડયો વન, અધીરી એથી થઈ;
નવરંગીત કોમળ તન, અતી વીહવળ થઈ.
આવ્યા બીજા રજવાડાના ભૂપ, સ્વયંવર કારણે;

સિદ્ધરાજ કેરૂં તે સ્વરૂપ, બેસી ઝુરૂં બારણે.
દાસી હજી કેમ ગુર્જરપતી ન આવ્યા.

લલીતા— **ધનાશ્રીની ગજલ.** (પુર્ણ થયોછે ખેલ એ.)

કરશે જય કીરતાર, શાણી સખી, કરશે જય કીરતાર; ટેક.
ધીરજનાં ફળ આવશે મીઠાં, આવશે રાજકુંમાર. શા૦
ગાફલ નથી એ ગુર્જરના પતી, છે દીલના દીલદાર; શા૦
ભરજોબન વન કુંજ ખીલેલી, મધુકર કરત ગુંજાર; શા૦
નીર સીંચે તરૂવર પર માળી, રૂતુ વીના ન થનાર; શા૦
ચીંતા હશે એના ચીતની અંદર, આવશે નૃપ નીરધાર; શા૦

મધુમુખી—ચાલ સખી વસંતની સામગ્રી તૈયાર કર.

લલીતા—બાઈ સાહેબ તૈયાર છે.

મધુમુખી—(વનલતા જોઇને) **એ કુદરતના કરનાર એ રાગ.**

વનલતા ખીલી શું આજ, કુસુમ કળીયોથી;
પ્રફુલીત પુષ્પ ગરકાવ, ઝાડ બહું જોતી.
સૌ ભાગી સુડલો શાંન્ત, ફરેછે વનમાં;
સખી પ્રાણનાથની વાત, આવેછે મનમાં.
આ મોર મનોહર શોર, બપૈયા બોલે;
આ વ્રક્ષ વસંત વીનોદ, ઝાડીમાં ઝૂલે;
ફાલ્યા આંબા ફળ ફાળ, ઓઢે જેમ સાડી;
આ લાલ લીલાંને શ્વેત, ફુલી ફુલવાડી.
ગંભીર ગુર્જરપતી રાય, ગયા સંતાઇ;
મનની મનમાં રહી જાય, હામ દુઃખદાઇ.

સીધરાજ— રાગ ઉપરનો.

વન જોગન કરન પુકાર, ભમર આ ભમતો;
લેવા દુનીયાનો લહાવ, રંગમાં રમતો.
મુજ નામ જાણો સીધરાજ, આવ્યો તમ માટે;
જેમ તેતર ઉપર બાજ, કરો ન ઉચાટે.
ખરે ખલક ખોદીને, ખબર પલકમાં લાવું;
જે મુખ મેં ચાવ્યાં પાન, આવળ નહીં ચાવું.
જે કરે જીવ કુરબાન, મારૂં તે માટે;
સોંપી દઉ સર્વ શરીર, વીચાર્યું વાટે.
મર મળ્યો ભૂપતી સાથ, સ્વયંવર ટાણે;
મૂકાવું સહુનાં માન, શુરો સહુ જાણે.
માટે કરો નહીં ઉચાટ, પ્રાણની પ્યારી;
આવ્યો છઉ જલદી આંહી કારણે તારી.

મધુમુખી— સોરઠની ગજલ. (હરીગીતછંદ)

(મદમત લોચન ડોલતો અલીને કામ આવે કોપતો.)
હે પ્રાણનાથ હું પ્રીયા તમારી, અન્યની ન થનાર તે;
આપુંછું આજ વચન, નીશ્ચય જાણજો નીરધાર તે.
સીંહણ પડે સોલાં ઘણે, કદી ઘાસ તે પરખે નહીં;
હંસા રહે ઉપવાસ મોતી, અવર આરોગે નહીં.
દિલદાર પ્રાણ આધાર; પ્રીયપતી મળ્યા પારશમણી;
કંચન બરાબર દેહ થઈ રહી, ગંભીરા ખુશી છું ઘણી.
આરોપું હું વરમાળ, જે તતકાળ, આપ કને રહી;
સુખ સુર્ય ઉદય થશે, અખંડીત, પુર્ણ તેજ પ્રભા થઈ.

સીધરાજ— રાગ ઉપરનો.

બલીહારી તારા પ્યારને, દોલદાર ચીત હરનારછો;
પટરાણી મારી થઈ પ્રીયા, તુજ રૂપ તે અંબારછે.
કરીને કટાક્ષ કુદી પડે, મૃગ, ફાળ ભરતું વન વિષે;
હે પદ્મણી તુજ પ્રેમપરથી, વારી જાઉ મન વિશે.
મર રાજ જાય સદા વડું, કરૂં જંગજો કદી તે વતી;
કુરબાન છે શીર તુજ ઉપરથી, પ્રાણ પ્યારી છો અતી.

પ્યારી હવે વખત ઘણો ગયો છે માટે હું જઉછું ને કાલે ઈચ્છાવરમાં છેલ્લી ખુરશીએ બેસીશ માટે સાવચેત રહેવું આ બાબત કહેવું પડે તેમ છેજ નહીં.

મધુમુખી— જાઓ કહેતાં જીભ ઉપડતી નથી.

(જાયછે એટલે મુર્છીત થઈ પડી જાયછે ત્યાં.)

લલીતા— મારારે સ્વામી બોલોની વાલા.

પ્રીતી તણી લગ્ની કેવી લાગી, અણ ચીંતવી આ કટારી વાગી. ટેક.
જુવે નહીં કુળ કદી કામી, હજી તેને ભેટયો નથી સ્વામી. પ્રી.
કુંવારીને લંચ્છન શીર લાગે, સ્વામી વીણ અવર પુરૂષ ત્યાગે;
સ્વયંવર માંય સુબાછે ઘણા, મોટા મોટા આવ્યા નથી જમણાં;
ખરે રૂપ તેનું શું ખીલ્યું, ધીરજ છોડી દીલ કર્યું ઢીલું. પ્રી.

અહા કામ વિકારે કેવી બેભાન કરી શરીરનું ભાન ભુલાવી દીધું છે. ચાલ તેને પાણી છાંટી બેઠી તો કરીએ. (પાણી છાંટેછે એટલે બેઠી થાયછે ને સર્વે જાયછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—રસ્તો.

લલીતા એક દાસી લઈ ગાતી ગાતી ચાલી જાયછે.

(તુમ કુમલા જીયરવાઓ પીતા મોરા એરાહ.)

કામે ભાન ભુલાવ્યાં, હે શાણી સખી, કામે ભાન ભુલાવ્યાં;
શીવ સમાધી કામે ચુકાવી, આવી ભીલી ત્યાં ગાવા.
ઇંદ્રિ અહલ્યાને કામે પીડ્યાં છે, સતી ધર્મ ચુકાવા;
ભસ્માસુર થયો ભસ્મ કામેથી, ભોળો નાથ ભ્રમાવ્યા;
કૈયા મુવાસો દ્રોપદી કારણ, ભીમે પ્રાણ છોડાવ્યાં.

માટે કામદેવ છે તેણે માનવ દાનવને દેવતાને પણ પીડા આપી છે તો તે જાળવવો એ ઘણું જોખમ ભરેલુંછે હશે જે બન્યું તે ખરૂં બાઇ સાહેબની મરજી તો સીધરાજપરછે હવે નીપજે તે ખરૂં.

પ્રવેશ ૧૫ મો.

સ્થળ-સ્વયંવર મંડપ અયોધ્યામાં રચ્યો છે.

સર્વ રાજા ભેગા થયાછે ચોપદાર રાજા પ્રધાન, પછીથી મધુમુખી.

ચોપદાર—અયોધાપતી મહારાજાધીરાજને ઘણી ખમાં.

અયોધ્યાપતી—સર્વ રજવાડાના રાજા આવી ચુકયાછે કેમ પ્રધાંનજી તપાસ કરો. આ બાબત ઢીલ ન કરો.

મનોહરપ્રધાન—(ઉઠીને નજર કરેછે) હાજી સર્વ તૈયારછે માટે શું હુકમ છે.

અયોધ્યાપતી—મનોહરજી મધુમુખીને વરમાળ લઇ અહીં બોલાવી લાવો ? કેમકે વખત ઘણો ગયો છે.

મનોહર—બહુ સારૂં મહારાજ હમણાંજ બોલાવી લાવુંછું.

(બોલાવી હાજર કરેછે એટલે.)

અયોધ્યાપતી—કુંવરી તારી નજરમાં આવે તેને વરમાળા આરોપ્ય તે મારે હજારવાર મંજુર છે.

કુંવરી મધુમુખી—(તમામ તપાસી સીદ્ધરાજને વરમાળા નાખેછે એટલે પ્રધાનજી તથા દીવાન હસ્ત મેળાપન કરેછે)

(ડ્રોપસીન પડેછે.)

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કચેરી અણહીલપુરમાં.

સીદ્ધરાજ, પ્રધાનજી, વિદુશક, શીપાઈ, કંચનીયો.

ચોપદાર—ગુર્જરપતી મહારજા ધીરાજ સીધરાજ જયસીંહને ઘણીખંમા નીધા રખો મેહેરબાન.

સીદ્ધરાજ—શીપાઈ કંચનીયોને બોલાવો.

સીપાઇ—બહુ સારૂં હમણાંજ તેડી લાવું છું.

(કંચનીયો આવી સલામ ભરીને ગાયન શરૂ કરેછે)

કંચની— **(રહો દીન દીનરે પ્રજા પ્યાર એ રાગ.)**

તપો તપો ગાદીરે, ધ્રુવ સમાન;
રાજ નીતીની રીત જાણોછો, ચૌદ વિદ્યા ગુણ જાણ;
એક આરે પીએ સીંહ અજા નીર, ગુર્જરપતી ગુણવાન;
નીતી તણું નીસ નાવ ચલાવો, દેત સદાવ્રત દાન.

ધર્મ દયાની ધજા ફરકે, સાધુ પામે સનમાન.
સોલંકીમાં પ્રગટ શીરોમણી, સુખછે મેરૂ સમાન;

સીદ્ધરાજ—ખજાનચી તમે આને માટે કાયમ વર્ષાસનનો બંદોબસ્ત કરજો ને તેની નીમનોક પછીથી વીચારીને કરશું જાઓ.

(કંચનીયો જાય છે)

ખજાનચી—બહુ સારૂ મહારાજાધીરાજ આપે કહ્યું તે સત્યછે.

સીદ્ધરાજ—પ્રધાનજી વીદુષકની વાત સાંભળી મને ઘણો પરીતાપ થાય છે કે તમે એકદમ યશોવર્માને રૂશવત બે સુમાર આપી હાંકી કાઢયો પણ એ વાત સાંભળી મને પગથી માથા સુધી જ્વાળ જઈ પહોંચી છે મને ખબર કર્યા શીવાય એ વાત મંજુર કરી દુસ્મનને ખુશી પડતો ખોરાક આપ્યો એ એક ગુજરાત દેશને એબ લગાડવા જેવું કામ કર્યું છે. માટે તમને શું કહેવું.

વીશાળમતી—(ભરથરી ભ્રાતા વીચારીને તમે કરો ન હું પર કોપ)

માફ કરો અપરાધ માહરો, પ્રજાના પાલન હાર;
તમ મત વીના (૨) મેં રૂશવત આપી અપાર. ટેક:
મેં જાણ્યું બાળ; (૨) પણ વાસુંકીની જાત;
છંછેડ્યાથી સડપ દઇને, કરે જીવની ઘાતં.
સોલંકી વંશ; (૨) મહીં શીરોમણીની છાપ;
હાથ હણ્યો જેમ ત્રીપુરા શુરને, શીવ ચડાવી ચાપ.
તે રામ બાણ, (૨) એ કદી ફરે નહીં પાછું;
લડવા હામ ધણી ક્ષત્રીને, કાંઇ ન રાખે કાચું.
આ બાબત હું આપની પાસે માફી માગું છું.

સીદ્ધરાજ— રાગ ક્ષત્રીકલંકનો.

ચંદ્રમાની આગળ શું શીયાળ,
રજપુત કેમ રણથી ડરેરે;
ફુટી પાડું હું કાળ વીકાળ,
સૈન્યાની અંદર સાવજ ફરેરે. ટેક.
ભડે ભારથમાં ભીમસેન. રજપુત૦
પાછું પગલું કદી તે ભરે ન; સૈન્યા૦
રોષે રાક્ષસો પાડે રીડ. રજપુત૦
ચીત માંહી આવે છે મને ચીડ, સૈન્યા૦
લોહ કોઠીમાં ગરો તતકાળ, રજપુત૦
કેમ છોડે માથે ફરે કાળ; સૈન્યા૦
ગળે રાહુ શશી ખગ્રાસ, રજપુત૦
તેમ ઘેરી પમાડું ત્રાસ. સૈન્યા૦
કોણ લંકાપતી કોણ રામ, રજપુત૦
વીણી વીણીને મારૂં ઠામ. સૈન્યા૦
લેવું માળવદેશનું રાજ. રજપુત૦
તો તો નામ જાણો સીદ્ધરાજ. સૈન્યા.

અહા ગરવી ગુર્જરભુમી, તારા પર કાળું કલંક ચડાવી, દુષ્ટ હરામી ઉઘાડે વાંસે ઘી તોળી ગયો છે. પણ તારો વીરબાળ તે વખત હાજર નહીં હતો, નહીંકર, તે નસોયો, ઘેર જવાને ઢીલ થઇ પડત, ખરે અમે ક્ષત્રી કુંવરે રજપુતધર્મ બજાવવાંનેજ, અને તારી કીર્તી વધારવાનેજ આ અમૂલ્ય મનુષા દેહ ધારણ કરેલો છે. ખરે-

ખર હવે તેને જીતી માળવા સર કરી, વીજય વાવટી ચડાતું તોજ મારૂં નામ સીદ્ધરાજ પ્રકાશ થાય, માટે પ્રધાનજી આપણું લશ્કર તૈયાર કરી અટંકી લડવૈયાને માટે સેનાધીપતીને વરધી આપી લશ્કર ગોઠવી રાખી સાબરમતીને કાંઠે તંબુ ખેંચે એટલે પછી આપણે ત્યાંના ઉપડ્યા માળવે મુકામ કરી ધારાનગરને ઘેરો ઘાલી માળવા હાથ કરી સોલંકીની દુવાઇ ફેરવી ચાલ્યા આવીએ. આપણે યશોવર્માને જાનથી નથી મારવો પણ તેને કેદ કરી લેવાનો છે કેમકે, ફરી કોઇ દીવસ દુશ્મન ગુજરાત જીતવા હીંમત ન કરે.

(કહું શું નશીબે દુખીયો કીધોછે એ રાગ.)

વીશાળમતી—ખરી ક્ષત્રીવટ પ્રગટેલી જોઇ;

નથી સમો વડ આપની કોઈ. ટેક.

સુરો ચડે જ્યારે રણસંગ્રામે, આપ બળેથી નાખેછે ઘાઇ;
પહેલે ઘાએ કદી ન હારે; આખર દુશ્મન જાશે રોઇ.
કરૂં બંદોબસ્ત લડવા કેરો, માફ માગું મેં આબરૂ ખોઈ;
સોલંકીમાં પ્રગટયા સુરા, લંપટખોરનું પીવાને લોઈ.

બહુ સારૂં ત્યારે હું લશ્કરી સામાનની તૈયારી કરૂં અને ગોઠવી રાખી આપને જાહેર કરૂં. (જાયછે.)

વીદુષક—(સ્વગત) જમ વીના છોકરાં મરે નહીં. કાકે જ્યારે આંખ દેખાડી ત્યારે બકરી જેવા થઇ માનભંગથી ભાંગ્યે ટાંટીએ જવું પડશે અને લશ્કર ગોઠવવું પડશે. પહેલી ખબર આપી હોત તો કંકુનો ચાંલો રહેત. આતો કેમ તણાણા કે લાભે લોભે. વાણીયા મારા બેટા, પહોંચેલ. વંર મરો, કંન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો. દુધ, ચોખા ને સાકર ખાવાને લોભે ઢીલા લમણાં કરવા પડ્યા. બધા

રાજ રાખે એવાજ મુવાલી ભેગા થયાછે. રહેછે ધણીના કોપથી, બાકી પ્રધાનજીએ તો પોલારીયું ચલાવવાની હીંમત કરી હતી પણ શુરા છુપ્યાં રહે નહીં. ઠીક ચાલ સલામ તો ભરૂં! પ્રકાશ મહારાજા ધીરાજ આપનું રાજ અમર તપો.

સીદ્ધરાજ—અહો વિદુષક તું ભલે આવ્યો! બેશ બેશ.

(બેસેછે.)

વીદુષક—બાપા પ્રધાનજી કેમ ઉઠી ચાલતા થયા?

સીદ્ધરાજ—આપણે માળવા ઉપર ચઢાઇ કરવી છે. માટે તે બાબત સેન્યાધીપતીને લશ્કર તૈયાર કરવા મોકલ્યા કેમ તું સાથે આવીશ કે?

વીદુષક—મારે કાંઈ છુટકો છે. બીજા પડ્યા ખાડમાં પણ હું પહેલો ખુશીથી આવીશ.

સીદ્ધરાજ—વીદુષક પ્રથમથી ચઢાઇ કરી હોત તો કાંઇ હતું? પણ આખર ત્યાં જવું પડે છે.

વીદુષક—કઢી ચટુ અને ભાત કુટીયાથી વળી લડાઇ થાય! એતો ખેલાડી રજપુત માથાં રણમાં મૂકે.

સીદ્ધરાજ—રોઇ રોટલો પેદા કરવાથી શું વળવાનું.

વીદુષક—કોઇ ખાઇને રાજી થાય કોઈ ખવરાવી રાજી થાય માટે માણસ એક પ્રકારનાં નથી.

સીદ્ધરાજ—વિદુષક તું આવછ ત્યારે ગમત ખુબ થાયછે. તું ઘડીકમાં ખુશી કરીદે છે.

વીદુષક—સંસારમાં શું બળ્યું છે આખર બધુ ધુ થઇ જવાનું કેવા કેવા રાજા તે રાખ ભેળા રોળાઈ ગયા. અને કીર્તી રહી ગઈ.

સીદ્ધરાજ—મણનુ માથું જાય તે સારૂં પણ નવટાંકનું નાક જાય તે ભુંડું.

વીદુષક—જાણે તેને તો તેજ છે બાકી ખીચડકુટને શું.

(એટલામાં પ્રધાનજી આવીને.)

વીશાળમતી—મહારાજ સર્વ લશ્કર તૈયાર છે માટે ચાલો.

સીદ્ધરાજ—ચાલો શીપાઈ કચેરી બરખાસ્ત કરો.

સીપાઈ—કચેરી બરખાસ્ત નીવા રખો મેહેરખાન.

(જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

લશ્કર ઉભું છે ત્યાં સીધરાજ આવીને.

સીધ્રરાજ—(**ચાલો ચાલો ચાલો આજ. એ.રાગ.**)

આશા બાળ બચ્ચાંની થાય, જેને હોય તે પાછો જાય;
કાયર શુરો નવ કહેવાય, નીમકહલાલીમાં નીમાય.

સામદો—હાડપીંજર આ આપનાં જાણો, અંદેશો ન મનમાં આણો;
ઢાલ બંદુકને બરછી બાણો, ઘેરી રીપુના વાળશું ઘાણો.

સીધરાજ—નથી નગરાં ઊંધા વળીયા, બેશક સોલંકી છે બળીયા;
તનના તાપો સર્વે ટળીયા મોટા શુરા આવી મળીયા.

સામદો—દુશ્મનોની ભીડ માંય, માથું મેલ્યે શુરો થાય;
અપસરા આવે વરવાય, સ્વર્ગ પંથમાં પળાય.

સીદ્ધરાજં—રાક્ષસોની રીડ તેમ, રામ દૂત બીવે કેમ;
રણ મધ્યે ન રાખે રહેમ, પત્ની કેરો છોડી પ્રેમ.

સામદો—બ્રાહ્મણ જળથી ભાગી જાય, શુરો રણસંગ્રામે કાય;
વૈશ્ય ઢિલો વેપારે થાય, કાયર નર તેતો કહેવાય.

સીધ્ધરાજ—હવે ધારાનગરને પાદર તો આવી ચુકયા માટે એક સીપાઇને ગામમાં વરધી આપવા મોકલો અને આ કાગળ તેને આપો. (ગજવામાંથી કાગળ શીપાઇને આપેછે.)

સીપાઈ—બોત અછા અભી આઊ પીછા.

(કાગળ લઈ જાયછે ને લશ્કર તૈયાર થઈ જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—માળવા ધારાનગરની રાજકચેરી.

ચોપદાર, યશોવર્મા, વીષ્ણુપ્રસાદ પછીથી એક શીપાઈ.

ચોપદાર—માળવપતી મહારાજા ધીરાજ યશોવર્માને ઘણી ખંમા. પ્રધાનજીકી સલામપેં નીગા રખો મહેરબાન.

યશોવર્મા—કેમ પ્રધાનજી? આપણો બાણુંલક્ષ માળવો છે તેમાં કોઇ જાતનું પ્રજાને દુખ તો નથી કે?

વીષ્ણુપ્રસાદ—નહીં નહીં મહારાજાધીરાજ પ્રજા સુખી અવસ્થામાં દીવસ નિર્ગમન કરેછે કોઈ પણ દુઃખી નથી.

સીપાઇ—કોઇ કાગદ લેકે આયા હે આપકા હુકમ હોવે સો ઈદર લાઊં.

યશોવર્મા—ખુશીથી લાવો (કાગળ એક શીપાઈ આપીચાલ્યો જાયછે એટલે તે વાંચીને.)

બનઝારો.

આમાં વેણ લખ્યાં બહુ કડવાં, સીદ્ધરાજ આવ્યોછે લડવા;
હવે સન્યા મધ્યે ચડવા, નવ લડતાં લાજે વડવા,
નકી એ આવ્યો છે નડવા, આમાં વેણ લખ્યાં બહુ કડવાં.

પ્રધાનજી લડાઈ કરવાનું કરો ઢીલ ન રાખો.

વીશ્ણુપ્રસાદ—(ઘરસે યાંન કોન ખુદાકે લીયે લાયા મુજકો.)

હુકમ જે આપ કેરો હોય, તે માથે ઉઠાવું;
આવ્યાછે વેર તે લેવાને, રીધરાજ ફાવ્યું.
કરો ચઢાઈ આંઈ કાંઈ નથી ખોટ પડી;
શુરા તેડાવો સર્વ, આપણા તો આજ ઘડી.

મહારાજ આપ હુકમ કરો તેમ કરૂં.

યશોવર્મા—ઉઠો ખોટી ન થાઓ સેનાધીપતી વીગરેને બોલાવી સૈન્ય તૈયાર કરાવવા વરધી આપી ગોઠવી રાખી પાછી મને ખબર આપો.

વીષ્ણુપ્રસાદ—બહુ સારૂં હું જઊંછું ને હમણાંજ આવુંછું. (જાયછે)

યશોવર્મા—(સ્વગત) ખરેખર પેટ ચોળી સુળનો ઉપાય કર્યો પારકી માતના વેરવાળ્યા વીના રહેજ નહીં માટે કોઈને છેડવાથી ફાયદો નીકળ્યોજ નથી કીડી એ નાનું જંતુછે પણ વખતે સર્પનો નાશ કરેછે હાથી એ મોટું જાનવરછે પણ મસલું તેના કાનમાં પેસી પ્રાણ છોડાવેછે માટે કોઈની સાથે બુરાઈ રાખવીજ નહીં સીદ્ધરાજ બુરાઈ કરી રખેને ફાવી જાય હશેં કીરમતમાં લખ્યું તેમ થશે. વીચાર કર્યાથી કાંઈ વળવાનું નથી (એટલામાં પ્રધાજી દાખલ થઈને)

વીષ્ણુપ્રસાદ—મહારાજ સૈન્ય તૈયાર થઈ આંપની રાહ જુવે છે ને શેહેરના રસ્તાપર ઉભુછે માટે પધારો. સેનાધીપતી પણ સાથે છે માટે ચાલો.

યશોવર્મા—ચાલો આવળ ચાવવાથી ઉગરવાનું નથી માટે ક્ષત્રીનો ધર્મ તો બજાવીએ બેમાં એક તો જીંતશે પણ કાંયર થવાથી કાંઈ વળવાનું નથી. (જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

માળવાના રાજા યશોવર્માનું લશ્કર.

યશોવર્મા—(લશ્કર પાસે આવીને) (ચાલો ચાલો ચાલો આજ.)

ધારાનગર લીધુંછે ઘેરી, વાટમાં ઉભાછે વેરી;
હેરણું લીએછે હેરી, સર્વને નાખો ખંખેરી.

સેનાધીપતી વીગેરે—

સમશેરો બંદુક સાથ, ઢાલ શરો ચડાવી હાથ;
કરી લડાઈ રીપુની ઘાત, ચાલે દુનીયામાં આપણી ખ્યાત.

યશોવર્મા—

માળવાછે દેશ મોટો, ચડી આવ્યોછે શત્રુ ખોટો;
ગોળા ઉડાવો ફરશે ગોટો; જંજાળોનો મોટો જોટો.

સેનાધીપતી—

અર્પણ કરવા આપને પ્રાણ, એકે એકે રાખું એધાણ;
બખતરો પ્હેરીને બાણ, મારી મારી મુકાવો પ્રાણ.

યશોવર્મા—ચાલો હવે મેદાનમાં.

સર્વે—ચાલો ચાલો ઝટ. (જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—મેદાન

સીધરાજનું લશ્કર—આજા, દુષ્ટ જીવતી માંખી કભી હજમ હોનેકી આશા છોડદે.

યશોવર્મા—અમે બકવાદ છોડદો સામને લડો.

(લડાઈ થાયછે યશોવર્મા હારેછે તેને પકડીને ઉભાછે ત્યાં સીદ્ધરાજ આવીને તેને માન આપેછે.)

સીધરાજ—(યશોવર્મા પ્રત્યે) તમે ગભરાઇ જશો નહીં હું તમને જાનથી નહી મારી નાખું પણ જીવતા રાખીશ. અને સકત મજુરી નહીં કરાવતાં નજર કેદ કરીશ. માટે હોય માણસને ચડતી પડતી આવ્યાજ કરેછે. તો ગભરાઈ જવું નહીં. શીપાઈ આને કોઇ જાતથી અડચણ નહીં આપતાં ખોરાકી પોશાકીમાં જે માગે તે આપવું છે માટે લઇ ચાલો આપણા અણહીલપુર પાટણમાં ને (સેનાધીપતી તરફ નજર કરી) તમે આ રાજ ધારાનગરનું જાળવજો. હું લશ્કર લઇ અણહીલપુર જાઊંછું માટે તપાસ રાખજો અને બંદોબસ્ત કરી આવજો.

સેનાધીપતી—બહુ સારૂં પધારો. (સર્વે જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રસ્તો.

યશોવર્માને બાંધી લઈ જાયછે ત્યારે રસ્તામાં વિદુષક સાથે વાતચીત.

યશોવર્મા—(લટકે મટકે જાઉં લડવા એ રાગ.)

વખતે વખત તણીછે છાંયા, સર્વે ફાવ્યું તે વખણાય;
સર્પ પુંછડી પકડી શેળો, પ્રાણ તજાવે પલની માંય.
ફીધી છેડ ખરા રજપુતની, રૂપવત ખાધી મેં જઈ ત્યાંય;
તેનાં ફળ આ દેહ ભોગવે, બાંધી લીધો છે મુજ આંય.
લોભ તણે વશ થઈને હુંતો, લશ્કર લઇ આવ્યો ગુજરાત;
કર્યાં હાથનાં હૈડે વાગ્યા, કોણ કને જઇ બોલું વાત.

વિદુષક—પોચા પાણા નહીં હતા કે શીયાળ ચુશી જાય, એ આનો કાળમીંઢ પાણા માથુ ફોડી નાખે.

યશોવર્મા—તમારો પણ વખત છે માટે જેટલું બોલવું હોય તેટલું બોલો.

વિદુષક—જે હાથે થેલીયો લીધી તે હાથે બંધાણા પાપ કોઈને પરડું નથી પીંપળેથી પુકાર કરે. હવે કાંબી કડલાં ખખડાવો ને મોજ કરો.

યશોવર્મા—શીપાઈ આને દુર લઈ જાઓ તો સારૂ ?

વિદુષક—તું પછડાઈ મર પણ કાકો છોડે તેમ નથી.

શીપાઈ—વીદુષક જાનેદો બાત બોલનેમે ફાયદા નહીં હોતા.

વીદુષક—નહીં બોલું મીયાંસાબ આ ચાલ્યો દ્રાફસીન પડેછે.

(જાયછે)

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ-કચેરી

કડલીનગરમાં પારરાજાને સંતાન નહીં હોવાથી દીલગીરીથી બોલેછે.

ચોપદાર—કડલીપતી મહારાજા પારરાજાને ઘણી ખમાં.

પારરાજા—(પ્રધાનપ્રત્યે) **ભેરવીની ગઝલ.**

(ચંદ્રમુખીને એકલી એ રાગ)

આ દુઃખ કેરો ડુંગરો, બળે અહીં નહીં ઝરો;
આખર અવસ્થા થઈ ગઇ, ધીઃકાર સંતતી નહી;
સમાજ આજ શું ભરૂં, નિરાશ આશ થઈ રહી.
ગરૂડજી ગોવીંદને, કહી બતાવી છે કથી;

અપુત્ર સ્વર્ગની ગતી, નથી નથી નથી નથી.
દીલગીર મુજ દેહમાં બ્રહ્માંડ જવાળ જઈ રહ્યા:
હે નાથ હાથ જોડીને, નમું નીચા કરો અહીં,
પ્રીયાછે ગર્ભવંતી તે, સપૂત આવી અવતરે;
અનાથ નાથ છો પ્રભુ, ઉદય શશી કરો અરે.
સંતોષ માનીને સદા, દુઃખી કરો ન દાસને;
આ અરજ અંતરે ધરો, છે આપ કેરી આશને.

(બાળકી પ્રસવ થવાની ખબર દાસી આપે છે)

(ઘરસેયાં ન કોન ખુદાકે લીયે લાયા મુજકો)

કેશર—અરે શાણા ભુપાળ વાત સુણો એક આંહી;
પ્રસવ થયો બાળકીનો આપ રાજ મેહેલ માંહી.
આનંદી દીલ થકી આંહી, હું આવી અત્યારે;
લેવા ઇનામ હામ એ આરામ આશ મારે.

પારસીંહ— રાગ ઉપરનો.

અતી આનંદનો વખત રહ્યો છે દીલ ધેરી;
માટે આપો ઇનામ હામ પુરો હૈયા કેરી.
તેડાવો પંડીતો સમાજ આજ, હર્ષ દિસે:
ખરૂં ભવીષ ભાખે જે વરાવો તેની વિશે.

(બુદ્ધીબળ ઉઠી પંડીતો બોલાવી લાવે છે.)

બુદ્ધિબળ—(મેં લાખકી દો લાખકી પરવા નહીં રખતી)
આજ આનંદી દીન. હર્ષ છે અતી;
પંડીતો સમાજ આ બીરાજતી છતી.

દીધું છે ઇનામ સર્વ સાથને તમો,
એ ઘણી ખુશીની વાત દિલ ગમ્યું અમો.

પારસીંહ— **(અરે લાલદેવ ઈસ તરફ જલદી આ)**

પંડીતો સમાજ ભરાણીછે આજ,
કુશળ થયાં માહરાં સઘળાં કાજ;
કરો જનમોત્રી કહો સાચી વાત,
બાળા તણાં ભવીષ જુવો ભલી ભાત.

વીપ્રમંડળ—(સર્વ છાનું પુછી) **કેરબો.**

વાકયો કદી ન વદીયે વૃથા, સુણો સત્ય કથારે; ટેક
પ્રસવ થયો તમ પુત્રી કેરો, દીલગીર દીલમાં થાયે;
એ કહેતાં નથી જીભ ઉપડતી, ઇશ્વર કૃત્ય જણાય.
શાસ્ત્ર તણાં અનુમતથી સર્વે, કરીયે પ્રગટ વીચાર;
કૃપા કરી નવ કોપી જાશો, ભુપત ગુણ ભંડાર.
પુત્રી કેરા મુખ દર્શનથી, મર્ણ પિતાનું થાય;
જેના ઘરમાં જશે તેહનું, જડામુળથી જાય.
વેદ વચન જાણી લઇ રાજા, કરન હાર કીરતાર;
આ જીભેથી જુઠ વચનનો, કરીએ નહીં ઉચ્ચાર.

પારસીંહ—(પ્રધાનપ્રત્યે) **ત્રોટક છંદ.**

તમ મંત્રી સુણો દ્રઢ ચીત થકી,
તનયા દુ:ખરૂપ હરીજ નકી;
વનમાં જલદી જઈ તેડી તમે,
શુભ સ્થાનક ગોતી મુકોજ ગમે.

નવ ઢીલ કરો તમ તેહ તણી,
દીલગીર શરીર ઉપાધી ઘણી;
જન જોહ કુપાત્ર ગણી તજવું,
ભગવંતનું નામ હવે ભજવું.

બુદ્ધિબળ— **પીલુની ઠુમરી.**

બહુ સારૂ મહારાજ બોલાવું,
મુકી જંગલમાં હું જલદી આવું.
વન અગોચર ગીરી ગુફામાં, કુંજ ઘટામાંથી આવે ન કોઈ;
દીલગીર દૂર કરો તમે દીલની, ફોકટ ફંદ માયાનો જોઈ.
બહુ સારૂં મહારાજ હું જઉછું.

પારસીંહ—કચેરી બરખાસ્ત કરો.

ચોપદાર--કચેરી બરખાસ્ત નીધારખો મેહેરબાન.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

હડમતં અને તેની સ્રીની વાતચીત.

હડમત— **ત્રીભંગીછંદ.**

ફડી ફડી વગડામાં ફડતાં, થડ થડ ધ્રુજી થાકયો;
બાલકડું વગડામાં દીઠું, કોણ મળે ત્યાં કાકો.
કડને તું કંશાડ ભલેરો, નીકડ મારૂં ધોકો;
હડમત મૂછે હાથ નાખશે, હાથે પકડી હોકો.
આનું નામ રાણકી પાડીએ છાલ ઘડે ઝટ ઝટ.

(જાયછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—એક બગીચો.

રાણીકદેવી અને રાહખેંગાર.

રાણકદેવી— રાગ દીંડી.

અખંડા નંદ ઇશ અરજ એક મારી;
અહરનીશ રટું આપને મોરારી,
જનકસુતા સતી જાનકી દુવારી. અખંડા.

રાહખેંગાર—(ઓ કુદરતના કરનાર ખલકના સ્વામી રાગ)

કોકીલ તું આંબાડાળ, સ્વર કરી મધુરા;
આ મયુર ઝરે મનમાંય, નથી કાંઇ અધુરા,
આ લતા મંડપનું પૂર, ચડયું તુજ તનમાં;
ભેટે ભવસાગર સૂર, મનોહર મનમાં.
આણુ ઓટયું અન્ન હું ખાઊં, અંગ ઉર ધારી;
હે પ્રાણવલ્લભા, પ્રીયા માહરી પ્યારી.

રાણકદેવી— રાગ ઉપરનો.

હે મંજુલ વનના મોર, શોક દે છોડી;
ચંપ શું નાગરવેલ, પ્રીતડી જોડી.
તમ વગર અન્ય નર વૃથા, જનેતા લાજે;
હે કાંન્ત આપુંછું કોલ, અફર કરી આજે.
સંકેત જાણજો શરીર. આપને સોંપું;
આ અમર વેલનું વૃક્ષ, આંગણે રોપું.

રાહખેંગાર— સોરઠની ગજલ.

(મદમત લોચન ડોલતો અલી એ રાગ)

ડરનો નથી હું નારી નેહથી, ગુર્જરને ગણતો નથી;

માથું મારૂં તમ ઉપરથી, ફુલ કરૂંછું હે સતી;
સોરઠપતી શૂર સુશોભીત, તરૂં શી ભવજળમાં તરૂં,
ખેંગાર મારૂં નામ જાણો, ખોદી ખલક ખારી કરૂં.
માટે કરો ન ઉચાટ માનુની, પ્રેમ ગાંઠ બાંધો પ્રીયા;
જગમાં જીવ્યું આ સુફળ કરવું, કામની કરવી ક્રીયા.

રાણકદેવી— રાગ ઉપરનો.

આજે લોડ તન અર્પણ કરૂં, પ્યારા બેશ મારા પારશમણી;
મારી દેહ કંચન થઈ ગઈ, પુરી હામ હૈયે અતી ઘણી. ટેક.
છો શીર મુગટ શીરોમણી, તમ પ્યારમાં તલખી મરૂં;
મળે સમુદ્રમાં સર્વ નદીઓ, સ્થીર રહી મનડું ઠર્યું.
જોતી મળીછે જોડ, પૂરો કોડ મનના પ્રેમથી;
આ સંસાર સાગર પાર, તારણ હાર છો પ્યારા પતી.

(રાહખેંગાર તેને લઈ ચાલતો થાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

સર્વ સીપાઈ— ઇંગ્રેજી રાહ.

ફનેહ ફનેહ ફનેહ, ફનેહ ફનેહ ફનેહ;
સોરઠ પતીનાં શુભ લગ્ન, જોવરાવ્યાં છેહ. ટેક.

સેનાધીપતિ—

ઢાલ શરો ને સમશેરો લઈ, શુરવીર થાઓ તૈયાર;
જાન જોડવા કારણ આજે, હુકમ થયો ખેંગાર.

ચાંદભાઈ—ચલો ચલો સબ સામદ મીલકે;
મન કરતાં વો દેર;
મીલે મફતકા નીત મલીદા, કરનાં લીલા લ્હેર;

ચટણીખાં—ગુલામ પાપડી ગળી લાગશે, છોલાઇ જાશે ગાલ;
ગડગડીયા ગડગડે પેટમાં, મીઠો ખાશું માલ.
ભાગડ—રગડ કસુંબા રાતદીન લઇ, બીડીની બોતાળ;
ભાંગ ઘુંટીને ગાંજા કેરી, ડમરી ઉડે માલ.
ગાતા ગાતા ચાલ્યા જાયછે.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાહખેંગારની કચેરી.

ચોપદાર પ્રધાન દેશળજી અને પછીથો કંચનીયો.

ચોપદાર—રે। ઠપતી રાણા રાહખેંગારને ઘણી ખંમાં.

રાહખેંગાર—રીપાઇ કંચનીઓને બોલાવ.

શીપાઇ—બોત અચ્છા (એમ કહી જાયછે ને કંચનીયોને લાવી હાજર કરેછે પછી સલામ ભરીને.)

કંચનીયો—(હાથમાં દારૂના શીસા લઈ.)

(રહો દીન દીનરે પ્રજા પ્યાર એ રાગ.)

પીયો પીયો પીયોરે, મધુપાન; ટેક.
ગ્લાસ ગુલાબી છે રંગભીનો, અમૃત સ્વાદ સમાન;
રાજ સમાજ સ્વીકાર કરેછે, માશુક આપત માન.

આપને માટે મધુપાન ઊંચી જાતનો ભેટ કરવા લાવ્યાં છીએ માટે લ્યો. (શીશા આપેછે રાહખેંગારને દેશળજી પીધા પછી શીશા દેશળજીના હાથમાં રાણીકદેવીને આપવાને મોકલેછે)

રાહખેંગાર—દેશળજી રાજમેહેલમાં શીસા લઈ જાઇ તમારી મામીને આપી આવો.

દેશળજી—બહુ સારૂં. (શીશા લઇ જાય છે)

રાહખેંગાર—શીપાઇ કચેરી બરખાસ્ત કરો.

શીપાઈ—કચેરી બરખાસ્ત નીધા રખો મેહેરબાન.
(સર્વે જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો. દેશળજી પછીથી ખેંગાર.

દેશળજી—(વીચીત્ર ચેન કરી લથડીયાં ખાતો જાય છે)
મમ મામા મામી દદ દારૂ પાવા ફફલક શુખડિયા.
(ચાલ્યો જાયછે ખેંગાર પછી નીકળીને)

ખેંગાર—દદ દાલીયા નાનાના ફલકુડી બકલી ખાઇ ગઈ.
(વીગરે ચેન કરતો જાયછે માંખીયું ઉડાડે છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો.

રાણીકદેવીને દેશળજી પછીથી ખેંગાર.
(રાણીકદેવી બેઠી છે ત્યાં દેશળજી જઇને.)

દેશળજી—મામી મામા શીશા મોકલ્યા પીયો.

રાણકદેવી—(સીસા હાથમાં લઇને)

વસંત તીલકા છંદ.

છે શ્રેષ્ટ સુંદર રૂડો, મધુ ગ્લાસ માંએ;
પીતાં પ્રકાશ, દિલ ખાસ વિલાસ થાએ.
એ ભાનથી વ્યસન દુષ્ટજ ભ્રષ્ટ બુદ્ધિ;
સંકેત જાય મરજાદ, શરીર શુદ્ધિ.

શાર્દુળ વીક્રીડત છંદ.

શૂરા પાન કરૂં, વૃથા ઉરધરૂં, આજ્ઞા પતી ન્યાયછે;

દારૂ દુષ્ટ કરે, મતી હીણ કરે, છેલ્લે દુઃખી થાયછે.
સ્વામીનાથ શીરોમણી, ગુણીમણી, બંધાણી તે શું શહી,
માટે આ મધુપાન હું મુખ ધરૂં, પીવો ઘટેછે અહીં;
(પીતાં લડથડેછે.)

શીખરણી વ્રત.

ખરે થઈ એ ભાની, શરીર બહુ ધ્રુજે નયનમાં;
દશા બૂરી ઝુરી, લડથડી પડી હુ શયનમાં.
પ્રભુ રાખો લજ્યા, બુડત તમ બેલી અમ પરે;
સતી શેવે આજે, પુરણ બ્રહ્મ જાણી ઇશ અરે.

રાણીકદેવી અને દેશળજી ગબડી પડેછે ત્યાં ખેંગાર આવેછે.

ખેંગાર—(દેશળનું કાંડુ પકડી તલવાર ખેંચી.)

રાગ ક્ષત્રીકલંકનો.

કમજાત તું નીમક હરામ, કતલ કરૂં તને હવેરે;
નેષ્ટ બોળ્યું તેં મારૂં નામ, કતલ કરૂં૦
મારી પ્યારી જે પ્રાણ પ્રસાદ; કતલ૦
મુકી દીધી તેંતો મરજાદ, કતલ૦
વાળ્યું કીયા જનમનું આ વેર; કતલ૦
કીધો દુષ્ટ તેં કાળો કેર. કતલ૦
જોયું નહીં તેં પરખીને ઝેર, કતલ૦
ઠીક ઠાક કરી મારૂં ઠેર; કતલ૦
ચંદ્ર સુર્યે અકાશની માંય. કતલ૦
ક્ષીતી બદલે પ્રલય જ્યારે થાય, કતલ૦
દેખી ચળેછે દશ દીગપાળ. કતલ૦

કુટી પાડું હું કાળ વીકાળ, કતલ૦
છુરા માંહી છુરીછે એકાંત; કતલ૦
મારૂં દીલ થતું નથી શાંન્ત. કતલ૦

રાણકદેવી— (ચંદ્રમુખીને એટલી એ રાહ.)

પ્રાણનાથ શું કહું, યથાર્થ હું કહી દઊં;
દેશળજી વાંક નથી જરા, નીશો અતી ખરાબ બહુ. ટેક.
પડી ગઇ પલંગમાં, ગયુંજ ભાન દીલનું;
ઉપાધી આવીને નડી, અનાદી કહું અસીલનું.
નીમાજને ગુજારતાં, મસીત કોટે બાઝતી;
સતી ચુકે નહીં કદી, વદું હું વેદની કથી.
પડેજ ભંગ રંગમાં, નીશો એ ચીજ છે બુરી;
નથી નજર મારી ચુકી, જુવંતી કેફમાં ઝુરી.

રાહખેંગાર—(ઘરસે યાંન કોન ખુદાકે લીયે લાયા મુજકો)

સુણો હે પ્યારી મારી તું ઉદાસ ત્યાગ અને;
તારો અપરાધ નથી એવી ખાત્રી છે મને.
તારૂં આ કમળ મૂખ, દેખીને ખુશીમાં ફરૂં;
આવો મુજ આત્મના આધાર તારૂં વાકય ખરૂં.

દેશળજી—(ભરથરી ભ્રાતા વીચારીને તમે હું કરો ન હુંપર કોપ)

માફ કરો અપરાધ મારો, શ્રવણ કરોને વાત;
નીશા વશ થઇ, (૨) એ ભાન થયો ઉત્પાત. ટેક.
સતવંત શ્રેષ્ટ, (૨) મેં મુકી નથી કુળ મરજાદ:
જનુની સમી મુજ મામી જાણું, વચન વદું સુ ઝાંઝાં.
મેં કરી મનાઈ, (૨) હે મામા મારા તમને;

કુપ ધરી નવ વરતજ કાપો, કરો ઉદાશી ન અમને.
નથી ધર્મ ભ્રષ્ટ, (૨) હું થયો સત્ય કરી માનો;
સુર્ય ચંદ્ર એ સાક્ષી મારા, વિચાર નહીં રહે છાનો.

ખેંગાર—જા દુષ્ટ તારૂં મોઢું જોવું હવે વાજબી નથી.

(કાઢી મુકેછે તે ચાલ્યો જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રસ્તો.

દેશળજી—જ્યાં સાચ ખોટનું પાકખ્યું નથી ત્યાં રેહેવું એ પાડાની પુંઠે પાણી નામવાનું છે માટે ચાલ હવે કોઇક સાથે મળી જઇએ. (જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—કચેરી અણહીલપુર પાટણ.

ચોપદાર—ગુર્જરપતી મહારાજાને ઘણી ખમાં.

સિદ્ધરાજ—પ્રધાનજી આપણે માળવા જીતી આવ્યા એ ઘણી ખુશીની વાતછે કારણ કે ચોરીને ઘેર ભાલું માર્યુંછે.

વીશાળમતી—હાજી આપ વીના બળ નહીં અને મેઘ વીના જળ નહીં બહાદુરી કોઇના બાપની નથી મેદાનની તરવાર છે જીતે તે જય પામે.

ચોપદાર—કોઇ ગઢવી આવેછે માટે કેમ.

સીધરાજ--ખુશીથી આવવા દો.

ગઢવી—ગુજરપતી મહારાજાને ઘણી ખમાં.

સીધરાજ—ગઢવી કયાંથી આવી ચડયા. શું ખબરછે.

ગઢવી—પૃથીનાથ કહો તો વાત કરી બતાવું. દેશમાં ફરતો ફરતો આવ્યો.

સીધ્ધરાજ—ખુશીથી કહો.

ગઢવી—આપનું વેશવાળ કરેલ કન્યા રાણકદેવીનું હરણ કરી જુનાગઢનો ખેંગાર લઇ ગયોછે તેને બે પુત્રો થયાછે મહારાજ.

(પ્રધાન પ્રત્યે.)

સીદ્ધરાજ— **રાગ ક્ષત્રી કલંક.**

મારા ગુર્જરને બેસારી ગાળ, સોલંકી બચ્ચો કેમ છોડેરે:
વાત સુંણી ચડયોછે મને કાળ. સોલંકી૦
તમે લસ્કર કરોને તૈયાર. સોલંકી૦
જાવું ગઢ જુને ગીરનાર. સોલાંકી૦

પ્રધાનજી જલદી લસ્કર તૈયાર કરો સીપાઇ કચેરી બરખાસ્ત કરો અને જુનેગઢ ચડાઇ કરવાની તાકીદ રાખો.

પ્રધાનજી—બહુ સારૂં. (જાયછે અને કચેરી ઉઠી જાયછે

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—રસ્તો.

ચોપદાર—કાંઇ ખબર છે અસમાલ.

અસમાલ—નાના શું થયું.

ચોપદાર- રાણકદેવીને જુનાગઢવાળો લઇ ગયો.

અસમાલ—માળે બહુ ભુંડુ કર્યુ વગર મોતે મરવાનો.

ચોપદાર—કાલે લસ્કર જવાનું છે ને ખેંગારને મારી જુનોગઢ ૨ કરી રાણીકદેવીને અહીં લાવશે.

અસમાલ—ભાઇ મહાકાળના કાળ જેવા તો જેના લસ્કરી

તો સોરઠની શી તાકાદ ચાલ હું જાઊછું

(બંને જાયછે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—મેહેલ.

સીધરાજ અને મધુમુખીની વાતચીત.

રાગ ગોપીચંદનો.

સીધરાજ—સુંણ પ્યારી મારે, લડવા જાવુંછે સોરઠ દેશમાં;
મધુમુખી—નથી લડવા જાવું, જોબન મારૂંછે બાળા વેશમાં.
ભર જોબન ભરથાર વીના આ, જોબન ઝોલાંખાય;
રંગ મહીં નહીં ભંગ પડાવો, શીતળ છોડી છાંય. નથી.
સીધરાજ—યશોવર્મ માળવનો રાજા, ધારાનગર સુજાણ;
તેને કેદ કરી રાખ્યો છે, ઝીતી મેં નીરવાણ. સુંણ.
મધુમુખી—જાય ઘડી મુજ એક વર્ષની, તમવીણ તલખે પ્રાણ;
પ્રેમ બાંધીને પ્યારી સાથે, જાઓ ન ચતુર સુજાણ. નથી.
સીધરાજ—માળવ રાજ કર્યું મેં ચકવે, ઉત્તર હિંદુસ્તાન;
દક્ષીણ મારી ફરે દુવાઇ, કોલ્હાપુર સંસ્થાન. સુંણ.
મધુમુખી—વાત સુંણીને લડાઇ કેરી, ત્રાસ પડે તનમાંય;
સુતો સાપ તમે ન જગાડો, ધમ્યું કનક ધૂળ થાય. નથી.
સીધરાજ—કચ્છદેશ ઉત્તર અચળેશ્વર, મારી ફરે દુવાઇ;
આબુને ચંદ્રાવતી નગરી, ત્રાસ પડે તનમાંઇ. સુણ.
મધુમુખી—દાટયાં દુઃખ તમે ન ઉખેળો; એ મારો અભીપ્રાય;
સુખની પીંજણ સદા પીંજતાં, કેમ કમતડી ધાય. નથી

સીધરાજ—ગરવો આ ગુજરાત દેશછે, અણહીલપુરનું રાજ;
ખર જેવો ખેંખાર ગણુંછું, દીલમાં પ્રગટે દાઝ. સુણ.
મધુમુખી—આપ આપની ખાલની અંદર, ગર્દભછે મસ્તાન;
રાણીક રાખેંગારે રાચી, તજો એઠું પકવાન. નથી.
સીધરાજ—રાણીક સ્ત્રીએ એબ લગાડી, જાય જવાળ બ્રહ્માંડ;
જર જમીનને જોરૂ તેની, વીશ્વમહીં વઢવાડ. સુણ.
મધુમુખી—મનને ગમતું લાગે મીઠું, તેનો કરવો તોલ;
કપોત સૂકા કાષ્ટે બેસી, કરે નીત્ય કલ્લોલ. નથી.
સીધરાજ—સાવજ આગળ જેમ શીયાળો, ડરી ભાગશે દુર;
નીશ્ચય મારે લડવા જાવું, સૈન્ય કરૂં ચકચુર. સુણ.
મધુમુખી—બનવા કાળે સર્વ બનેછે, એજ માટ કહું આજ;
ફણ ફાટી કાળો થઇ બેઠો, મટે કેમ મહારાજ. નથી.
સીધરાજ—પ્રણામ મારી પ્યારી તુજને, જીત થશે મુજ આજ;
કોટ વસા આ કલ્પ ફરે પણ, છોડે નહીં સીધરાજ.

સ્ત્રી હઠ એ કદી ખસવાનો નથી માટે ચાલ ક્ષત્રીનો ધર્મ બજાવી મશની કોઠીનો નાશ કરૂં. (જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—રસ્તો.

(સર્વે ગાતા ગાતા જયછે.)

સીધરાજ— **(ચાલો ચાલો ચાલો આજ.)**
ત્રુટો ત્રુટો કત્તલ કરો, હૈયે અતી હીંમત ધરો;
ચડે રણે ખરા શૂરો, પાયમાલ કરી પુરા કરો.

અટંકી—સાવજને શીયાળ ગોતે, મારી નાખું કુત્તાને મોતે;
કહોનો મારૂ સૈન્ય સોતે, એકલો હું લડીને પોતે.
સીધરાજ—તુટે ગગન મંડળથી તારા, દુષ્મન હણીને લેવી દારા;
જો ગણે પાછા પોબારા, મોકલો તેની વાંસે મારા.
અટંકી—અપત જુધે ન આપણે જાવું, ખરે મણીનું અંન ખાવું;
રણશીંગા કહોનો વગડાવું, હુકમ કરો તો હમણાં આવું.
સીધરાજ—ખુટ્યાં નથી ક્ષત્રીનાં પાણી, મૃગનેણી એ મુર્ખે માણી;
કુટો પાડો રાખો એંધાણી, છેલી મારી એજ વાણી.
જલદી ચાલો. (જાયછે ને ખેંગારને ખબર મોકલેછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—મેહેલ.

રાણીકદેવીની પાસે ખેંગાર લડાઇ કરવાની રજા માગેછે.

રાહખેંગાર—સોરઠની ગજલ. (હરીગીત છંદ.)

(મદમત લોચન ડોલતો અલી એ રાગ.)

સીધરાજ, આજ, સમાજ લઈને, આવ્યો છે લડવા કારણે;
માટે મને જલદી થકી, તમ દો રજા હું જઉં રણે. ટેક.
તમ પ્યાર તેજ અપારછે, નીરધાર ન્યાળી મન ઠરે;
કીરતાર કોપ થનાર, બનવા કાળ તે બનશે ખરે:
સામદ સૂરા કરૂં સામદા, સમશેર ઢાલ તૈયાર છે..
ગીરનાર ગઢ જુનો હવે, ખેંગાર વીજય થનાર છે.
દત્તાત્રી દીન દયાળ, જન રખવાળ, રક્ષા કર સદા;
આશા તમારી એકછે, લજ્યા રહીત રહું સર્વદા.
પાદર વીશેજ પડાવ નાંખ્યો, ઘેર્યો સોરઠ દેશને:
બંને પ્રતાપી પુત્ર તેને, જાળવજો પરમેશને.

કદાચ આવું કામ, રણસંગ્રામ, હામ અતી ધરૂં;
સીધરાજ, દીલની દાઝ દેખી, આજ દીલગીરમાં કરૂં.

રાણીકદેવી— **રાગ ઉપરનો.**

હે પ્રાણનાથ એ વાત બોલ્યા, નથી જવું વઢવા ખરે;
સીધરાજ મહા ગજરાજ, બહેકી તે ગયેલ બુરૂં કરે. ટેક.
નમવું જઈને નાથ, જોડું હાથ, તમને દીનનીશા;
નમ્યું તે ગમ્યું ઇશ્વર કને, ખરે લાભ આપે લખવસા.
માટે નમીને વાત કરવી, નાથ વીનય થકી વદી;
થુંક્યું કદી ન ગળાય, બોટયું અંન ખાશે નહીં કદી.
નહીંકર ગીરી ગુફા ઘણીછે, નાસી જઈએ નાથજી;
દાસી દયા દીલમાં ધરો, જોડી કહું બે હાથજી.

રાહખેંગાર— **રાગ ક્ષત્રીકલંકનો.**

મીથ્યા બોલ્ય ન આળ પંપાળ, સોરઠપતી છુપે નહીં રે;
એછે સીંહનો ભક્ષ શીયાળ, નાસી જવું એ ઠીક નહીં રે.
કાયર વેણ ન કાઢ લગાર, સોરઠ૦
મારો ગઢ જુનો ગીરનાર. સોરઠ૦
લાજે લાજે ક્ષત્રીની વીરમાત, સોરઠ૦
ઘેરી કરૂં દુસ્મન કેરી ઘાત. સોરઠ૦
ક્ષત્રી શુરો મુકે જો મરજાદ, સોરઠ૦
વરસે વીશ્વમાં કેમ વરસાદ. સોરઠ૦
ભરૂં ભારથે પાછો ન પાય, સોરઠ૦
જળ સ્થળ લોપીને કદી જાય. સોરઠ૦
મુકે સમુદ્ર માઝા તો કેમ, સોરઠ૦

જળ વહેછે ગંગાજીનું જેમ. સોરઠ૦
ઉદય અસ્ત પામેછે ભાણ; સોરઠ૦
ભર્યા નીર ખુટે છે નવાણ. સોરઠ૦
આખર નામ ધર્યુંછે તેનો નાશ, સોરઠ૦
એમ ધારી કરો ન ઉદાશ. સોરઠ૦
રજા માગેછે રાહખેંગાર, સોરઠ૦
મારી પ્યારી લગાડ ન વાર.૦ સોરઠ૦

માટે હું જાઉંછું ને બંને પુત્રોને જાળવજે.

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—રસ્તો.

(ગાતા ગાતા જાયછે.)

રાહખેંગાર—(**ચાલો ચાલો ચાલો આજ એ રાગ.**)
સોરઠ શૂરા ચડો રણે, ખોટી ન થાવું એક ક્ષણે;
હડાવી શત્રુને હણે, વરે અપ્સરા ત્યાં કણે.

બહાદુરસીંહ—ગુર્જરપતીની શું ગુંજાશ, આ તલવારે પમાડું ત્રાસ;
જથાબંદી જેમ કાપે ઘાસ, તેમ કરૂં શુરાનો નાશ.

સમશેરબહાદુર—બાણ બરછી ભાલું હાથ. કુદી પડું ગોતી એકાંત;
વીણી વીણીને કરવી ઘાત, ચાલે જગતમાં આપણી ખ્યાત.

રાહખેંગાર—ખરા ખરા ખરા શૂરા, પેમાલ કરી કરો પૂરા;
ઝટકા તીરો છરી છુરા, મારી કાપી કરવા ચુરા.

કાયરસીંહ—આ રવાજ પીપુડું ભાળ, વાટ જુવે ઘર બૈરી બાળ;
ઘરમાં બેસી રોટી દાળ, સુખે ખાશું સૌ બાળગોપાળ.
મારે તમારી નોકરી નથી જોઈતી.

(સર્વ ચાલ્યા જાયછે અને લડાઈ કરતાં ખેંગારનું મરણ થાયછે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—મેહેલ.

(રાણીકદેવીના મેહેલમાં સીધરાજ દાખલ થઈને.)

સીધરાજ—(એ કુદરતના કરનાર ખલકના સ્વામી એરાગ.)

હે પ્રાણવલ્લભા, સાંભળ મારી પ્યારી;
મને દીલ લગાડયો ડાઘ, પીડા અતી ભારી;
જે કરેલ વેવીશાળ, સુણો કહું તમને;
તમે કીધી ઘાત વીશ્વાસ, ખરેખર અમને.
મીઠા મેવા પકવાન, તજી દઇ નારી;
તમે આપ બળેથી, કર્યો પતી દુ:ખદારી.
થઇ જાઓ હવે હુશીયાર, પ્રાણની પ્યારી;
છે પુનર્લગ્નની આશ, મને દીલદારી.
મેં માર્યો રાહખેંગાર, જુનોગઢ ઘેરી;
જીત્યો સોરઠ ગીરનાર, વંન કર્યું વેરી.

રાણીકદેવી—(ખેંગારનું મરણ સાંભળી કલ્પાંત કરે છે ત્યારે તેના છોકરા બે દોડી આગળ બાપા કહી બોલાવે છે.)

મરશીયો.

હાય હાયરે, આરે ગજબ તે શો થયો;
આરે ગજબ તે શો થયો;
સોરઠપતી ખેંગાર સ્વર્ગે ગયોરે. હાય.
પડયું પંખી પારાધીને હાથે, કદી છોડયું નહીં કોઇ વાતે;
દયા નાવી કસાઇ કેરી જાતેરે. હાય.
ખોટું થયું ગયું સુખ ખાડે, મારાં બાળકો વરતશે વાડે;
બાપા બાપા કહી બુમ પાડેરે. હાય હાય.

પાછા સ્વર્ગેથી પીયુ પધારો, વહાલી દાસીનાં માન વધારો;
પ્રીયા દુઃખના સુંણીને પુકારોરે. હાય હાયરે.

સીધરાજ—

(ગુલે ગુલઝારના જોરા નાઈ, કયા બાતપે દીલમેં આઇ એરાગ.)

મુવેલા મનુષ નથી મળનાર, માટે કલ્પાંત કરો ન લગાર; ટેક
તેના પછવાડે પ્રાણ તજોને, મુખમેળા નવથાય;
ભાગ મળી જશે પંચભુતોમાં, જનમ્યાં તે મરીજાય.
તેથી તમે સુખ લેવા સંસાર, માટે કલ્પાંત કરો ન લગાર, ૧
દાનવ માનવ દેવ રૂષીગણ, જીવ સુધી છે સગાઈ;
જીવગયા પછી ઘરમાંન રાખે, જાએ શબ ગંધાઈ,
બાળીને ભસ્મ કરે નીરધાર, માટે કલ્પાંત કરો ન લગાર. ૨

હે પ્યારી મુવેલા માણસો કોઈને જવાબ આપતા નથી માટે હવે જીવતાની સાથે પ્રીતી જોડવા મનન કરો.

રાણીકદેવી—અરે પાપી દુષ્ટ પ્યારી કહેતાં તારી જીભ તાળવેથી ત્રુટી કેમ નથી પડતી? કે મને મરેલીને પડ્યાપર પાટું મારવા અને દાઝાયા પર ફોલ્લો કરવા અહીં આવ્યો ચંડાળ દુર રહે. મને અડકીશ નહીમારા પ્રીયપતીની લાશ બતાવ કે પછી મારે સતી થવાનુંછે.

સીધરાજ—ખરેખર કઠોર વચન કહેછે તોપણ પપૈયાના કંઠમાં સ્વાંતીનું પાણી પડતાં તૃપ્ત થાયછે તેમ તારાં કમળ મુખનાં મીઠાં વચનો મને શાંતતા પમાડેછે. હોય "ખીજે તેજ રીઝે" વળી જેમ ચંદ્રનો રાત્રીને વીશે પ્રકાશ થઈ ચકોર પક્ષીધ્યાન કરેછે તેમ કોમળવદની તારી જબી મારા અંતર માજરમીરહીછે માટે હરતે ચે-

હેરે મને ભેટ કે તારા મનોવીકાર શંતોષ પામી આનંદની વેલન.રૂ ચંબેલીના વ્રક્ષ જેવું શરીર તેનાં આવયનાં પુષ્પો ખીલી ઉઠી મધુકર બાસના લઇ તને તુષ્ટમાન થશે. તો હવે શું આજ્ઞા છે ખુશી થા નહીં તો તારા પુત્રનો નાશ કરીશ.

રાણીકદેવી— (હાડાજી શું કરો સહાસ આવું એ રાગ.)

માર્ગ આપોને હે ધરતી માતા, સતીને જવા સમાવારે. ટેક.
દુષ્ટ અડીને ઉભોછે દ્વારે, સતીનું સત્ય ચુકાવારે;
જન્મ દુખ્યારી આવી જગતમાં, શું આ બેઠું છે થાવારે.

ચંડાળ તારૂં મુખ મને ગમતું નથી માટે જે પગલે આવ્યો તેજ પગલે ચાલ્યો જા.

સીદ્ધરાજ—લે હવે કેટલીક ઢીલ કરવી છે નીકળ મેહેલથી બહાર.

રાણકદેવી— **આશાગોડી.**

પારધી ચડીગો શીકારે, સીંહણપર, પારધી ચડીગો શીકારે;
રંક ત્રીયાનું રક્ષણ કરવા, વીઠલ વર ચડ વારે. સીંહણ.
ખોટ લગાડું ક્ષત્રીવટને, દુષ્ટ બનું ન લગારે. સીંહણ.
આશા પૂરો અંબે માતા, તુજ વગર કોણ તારે; સીંહણ.
સતી દ્રૌપદીનાં સભા સમક્ષે, પુર્યાં ચીર અપારે; સીંહણ.
દુષ્ટ અડીને ઉભો દ્વારે, સત ચુકાવવા ધારે; સીંહણ.
માટે મારી વારે ચડજો, તમ વીણ કોણ ઉગારે. સીંહણ.

હરામી દુષ્ટ હવે અહીંથી રસ્તો છોડી ચાલ્યો જા, કસાઇ તારૂં મોઢું ન બતાવ હવે.

સિધરાજ—ધાસ્તી વીના કામ સુધરશે નહીં માટે લે. (તલવાર કાઢી બે પુત્રોને મારી નાખેછે.)

રાણીકદેવી— સહીયર દુઃખ શું દાખવું. એ રાગ.

કોપ અચાનક શું થયો, શુરા સોરઠ દેશ;
પંખી મારાં પ્યારાં તે વળી, ઉડી ગયાં વિદેશ. કોપ.
માત માત મુખ બોલતાં, દોડી આવતા પાસ;
દુષ્ટ દયા હીણ થઈ અને, તેનો કરીયો છે નાશ. કોપ.
ચંદ્ર તણી શાંતી હતી, છોડી શીતળ છાંય;
પાણીનું પૂર ગયું વહ્યું, એનું શું કરૂં હાંય. કોપ.
સંસાર સ્વપ્ન થયું સદા, મૂવે મેળા ન થાય;
મનની વાતો મનમાં રહી, કાઇને ઘણુ ખાય. કોપ.
દુઃખરૂપી દરીયાવમાં, ડુબ્યું માહરૂં નાવ;
પૂર્વે તણાં દુઃખી થઈ ઘણી, દુષ્ટે વાળ્યોછે દાવ. કોપ.
હાસ્ય વિનોદથી બોલતા, નીરાધારી કરીને;
શરણ રહેવું કોણને સદા, પાછા આવો ફરીને. કોપ.

સીદ્ધરાજ— હવે ચેંચુમેલ ને લશ્કરમાં ચાલ રાહ.–
ખેંગારની લાશ બતાવું, પછી પંથે પળીએ.

રાણીકદેવી—આશાવરી જોગીયે. (ગીરનારપ્રત્યે)

ગીરનાર છેલ્લીવાર, નમસ્કાર, છે આવાર;
ગઢજુને બેઠી ગાળ, મુજને, અંગ ઝરે અંગાર.
ખેંગાર કેરી ખોળ કરવા, ડગ્યો નહીં દીલદાર;
આ દીલ ફાટી જાય મારૂં, નોધારાંના આધાર.

(ગીરનાર ખાંગો થાયછે)

ડગમાં ડગમાં ડુંગરા, ગંભીર તું ગીરનાર;

નીર ન બોળે કાષ્ટને, તું, પાળે પર ઉપકાર.
શુક સુડા સ્વર કોકીલ મયુરા ઉચરે શું ઉચ્ચાર;
બળતામાં ધૃત હોમ બેશી, બાળો શું અત્યાર.
દતાત્રી દીન દયાળ તું, વેહેલી કરજે વાર;
રાણીકદેવી તમને તજી, ચાલી જાય અત્યાર.

સીધરાજ—પ્યારી હવે ટાયલું છોડી ઝટ ખડી થઈ ચાલ ઢીલ ન કર. (ભેટવા જાયછે.)

રાણીકદેવી— **રાગ ક્ષત્રીકલંકનો.**

રામ કહાણી રાખી મારે શીર, સતી તો ટેક નહીં તજેરે;
હવે કેમ કરી રાખું ધીર, વીઠલ મારી વારે થજેરે.
ભર્યાં પાપ તણો તેં પાય; સતી.
તારૂ પુન્ય આવી ખુટયું આંય સતી.
બંને પુત્ર માર્યા મારા હાય; સતી.
ગળજો ગળત કોઢે તારી કાય. સતી.
થઇશ સંતતી હીણુ નીરધાર. સતી.
ખોળી બતાવ લાશ ખેંગાર. સતી.

(સીધરાજ ચાલ્યો જાયછે રાણકદેવી લશ્કરમાં જાયછે ને વઢવાણના ભોગાવામાં સતી થાયછે.)

પ્રવેશ ૧૬ મો.

સીધરાજ— **આશાગોડી.**

કામ ક્રોધ રીપુ ભારી, શરીર માંહે, કામ ક્રોધ રીપુ ભારી;
ક્રોધ ચડે જ્યારે કાયા નગરપર, ભૃષ્ટ બને નરનારી. શરીર.

ક્રોધ કર્યો જુવો શંકરરાએ, વાઢયું મુસ્તક ભારી; શરીર.
કીચક કામથી દ્રૌપદી સાથે, આખર થઇછે ખુવારી, શરીર.
સતીપણાંનાં ચીન્હ બતાવ્યાં, નીશ્ચય નીર્મળ નારી. શરીર.

રાણીકદેવી ખરેખર જોગ માયા રૂપછે મારી કમબખ્તી આવી કે ક્રોધમાં નીરપરાધી.તેનાં બે બાળકો મારી નાંખ્યા હાય સહાસ કામ કરી પછીથી પશ્ચાતાપ કરવો એથી શું વળવાનું ખરેખર મને ભવીષે ભુલવ્યો એ કામના આવેશમાં આ નઠારૂ કૃત્ય મારા હાથથી બની ગયું તેના માટે ઈશ્વર પાસે ક્ષમા માગું કે મારો અપરાધ માફ કરે.

રાગ સારંગની ગઝલ. (શેહેર બંગાલો યું ઝુરે.)

પાપ પ્રલય કર હે પરમેશ્વર, વીનતી છે મારી;
ક્રોધરીપુએ કેરજ કરીયો, બુરી કરી ભારી. ટેક.
રાણીકદેવી પતીવ્રતાછે. નીર્મળ એ નારી;
સતીપણાનાં ચીન્હ બતાવ્યાં, ફાવી નહીં કારી.
સોરઠ માથે છત્ર ચઢાવ્યું, સતી ખરી ધારી.

માટે હે પ્રભુ સર્વ અપરાધ ક્ષમા કરો. (જાયછે.)

ડ્રોપસીન પડેછે.

સર્વપાત્રો.

(સનમ સખીરી રૂઠા ગયા હે શીરપર આયા ચોમાસા એ)

અલ્પ જ્ઞાનથી ખેલ ભજાવ્યો, સ્તુતી સભાજન ચીત ધરજો;
શ્રોતા વક્તા શ્રવણ કરીને, દ્રષ્ટી દોષ માફી કરજો.

બેત.

રાણીકદેવી સતી શીરોમણી,
પ્રેમ માંહ સજ્જડ બંધાણી;
પતીવ્રતાનો ધર્મ બજાવ્યો;
સીદ્ધરાજ મહારાજ ન ફાવ્યો.

સીધરાજ મહારાજ ન ફાવ્યા, કાજ કુશળ થયા નહીં તેનાં;
વીશ્વ મહીં રહી સદા વાંઝીયા, શ્રાપ ચડયો શીરપર એના.
ભવસાગર રૂપી કુંજ ભરેલી, ફાલીછે આ ફુલવાડી;
ત્રીયા અલૌકીક ચીતરને કારણ, ડુબ્યાં રાજવળાં દાડી.

બેત.

ખાડો ખોદે તેહ પડેછે,
નેષ્ટ કૃત્ય તે આવી નડેછે;
ગંભીરતાથી સૌને ગમશું,
પ્રીત કરો સહુ પુરણબ્રહ્મ શું.

પ્રીત કરો સહુ પુરણબ્રહ્મ શું, જે થકી વૈકુંઠવાસ મળે;
"ભીખન" કહેછે ભાવ ધરીને, લક્ષ ચોરાશી ફંદ ટળે.

સમાપ્ત.

ગુજરાતનાં પાત્ર.

મીનળદેવી—સીધરાજની માતુશ્રી.

વીજીયા—મીનળદેવીની દાસી.

વીશાળમતી—સીધરાજનો પ્રધાન.

પાર્વતીપ્રસાદ—તેનો શીરસ્તેદાર.

વીદુષક—એક મશ્કરો.

ભોગળભટ—એક બ્રાહ્મણ.

પછીથી સેનાધીપતી શીપાઈ ચોપદાર સામદો વીગેરે.

માળવાનાં પાત્ર.

મધુમુખી—અયોધ્યાપતીની કુંવરી સાધરાજની સ્ત્રી.

યશોવર્મા—માળવાનો રાજા.

વીષ્ણુપ્રસાદ—માળવાનો પ્રધાન.

સામદો—માળવાના.

અયોધ્યાનાં પાત્ર.

અયોધ્યાપતી—અયોધ્યાનો રાજા.

મનોહર—તેનો પ્રધાન.

કંચનીયો—ગણીકાઓ.

કડલીનગરનાં પાત્રો.

પારસીંહ—કડલીનો રાજા રાણકદેવીનો પીતા.

કેશર—તેની દાસી.

બુધીબળ—તેનો પ્રધાન.

વીપ્રમંડળ—ત્યાંના બ્રાહ્મણો.

હડમત—એક કુંભાર મંજેવડીમાં.

જુનાગઢનાં પાત્ર.

રાહખેંગાર—જુનાગઢનો રાજા.
ચાંદખાં—એક શીપાઈ.
પ્રધાનજી—રાહખેંગારનો.
ભંગડ—એક કેફી માણસ.
રાણીકદેવી—રાહખેંગારની સ્ત્રી.
દેશળજી—તેનો ભાણેજ.
સામદો—રાહખેંગારનો.
પછીથી સેનાધીપતી શીપાઇયો વીગેરે.

અગાઉથી ખરીદનારનાં નામો.

	નકલ
સુનાર પુરૂષોતમ મેઘજીભાઇ	૫
સુતાર વીઠલદાસ કરશન	૫
ઠકર વલ્લભદાસ કહાનજી	૫
ઠકર કુબેરદાસ હેમરાજ	૫
ઠકર હરજીવન ઉકાભાઇ	૫
ઠકર નારણ આણંદજી જુનાગઢ	૧૦
રાજેશ્રી માણેકલાલ પાનાચંદભાઇ	૧
માળી લવજીભાઈ કહાનજીભાઇ	૫
ખત્રી ત્રીભોવન નરશીભાઈ	૫
ઠકર પરમાનંદ વીઠલદાસ	૧
જોશી અમૃતલાલ નાથાભાઈ	૧
જોશી ગીરધર નાનજી	૧
જોશી દયાળ પ્રેમજી	૧
જોશી કલ્યાણજી પ્રેમજી	૧

જાહેર ખબાર.

હું નીચે સહી કરનાર સર્વ સદગ્રહસ્થો તથા બુકસેલરોને નમ્રતા પુર્વક અરજ કરૂછુકે આ બુક તેમજ ઉરદુ, અરબ્બી, ફારશી, સંસ્કૃત, હીંદુસ્તાની, મરાઠી, અંગ્રેજી તથા દીગોની તથા અંગ્રેજી ગુજરાતી કોપીબુક તેમજ વારતાઓ નાટકો વીગરે જોઇતી બુક ઘણેજ કીફાએત ભાવે આપવામાં આવશે. તેમજ નીચે લખેલી બુકો હમારી તરફથી છપાઈ બહાર પડી છે તેમાં ઘણુજ સારૂ કમીશન આપવામાં આવશે.

કાઠીયાવાડની ભુગોળ	૦—૧—૬
મુંબાઇ ઇલાકાની ભુગોળ	૦—૧—૬
હીંદુસ્તાનની ભુગોળ	૦—૨—૦
ગુજરાતના ઇતીહાસનો સંક્ષીપ્ત સાર..	૦—૧—૦
વીજળી વીલાપ ગાયન	૦—૧—૦
પૃથુરાજ રાઠોડ નાટક...	૦—૩—૦
રાશલીલા નાટક	૦—૧—૦
મોતીશાને ડાહીવહુનો ફારશ... ...	૦—૧—૬
શ્રીક્રશ્ન વીલાશ ગાયન	૦—૨—૦
શવાઈ ઠગનો રમુજી ફારશ	૦—૧—૩
ચાલાક સકરબીનો રમુજી ફારશ ...	૦—૧—૦
સજ્જનતા મેળવવાના સાધન ...	૦—૧—૦
પ્રભાતીયા વીગરે કવિતા	૦—૧—૦
રામરક્ષા શટીક...	૦—૧—૦
નારાયન કવચ શટીક...	૦—૧—૦
મહીમ્ન સ્તોત્ર સટીક	૦—૨—૦
પૃથુરાજ ચોહાન નાટક છપાય છે....	૦—૬—૦

સદેવંત સાવળીંગા ગાયનરૂપી નાટક	૦—૧—૬
હરી રશ.	૦—૨—૦
નરશીમેહેતાના દીકરાના વીવા ...	૦—૩—૦
રાખેંગાર રાણુકદેવી તથા સીધરાજ જેય સીંહનાટક છપાય છે. ...	૦—૫—૦
હરીપ્રસાદ વીરહ	૦—૧—૦

ઉપર લખેલી બુકો નીચે લખેલે ઠેકાણેથી પણ મળશે. ઘોઘાને દરવાજે બુકસેલર મગનલાલ જેચંદ પાસેથી.

જાહેર. ખબર.

આ બુક ભાવનગરમાં પ્રસીદ્ધ કર્તા પાસેથી તથા નીચે લખેલા ઠેકાણેથી મળશે.

મુંબાઇ. જમનાદાસ ભગવાનદાસની કું. પાસેથી.

,, ઠકર વશનજી પ્રમાનંદ ચાહેવાળા પાસેથી.

,, હીંમતરામ જીવતરામને ત્યાંથી.

સીહોર. નંદબા ત્રીભોવન તથા અબદુલા કાશમને ત્યાંથી.

અમદાવાદ. માહાદેવ રામચંદ્ર બુકશેલરને ત્યાંથી.

તલાજા. મેહેતા શામજી ગાંડાને ત્યાંથી.

પાલીટાણા. શા. જેઠા મોતીને ત્યાંથી.

જેતપોર. મેમણ. તૈયબ અબુ બુકશેલરને ત્યાંથી.

જુનાગઢ. ગોવીંદજી નાનજી બુકસેલરને ત્યાંથી.

અમરેલી. જોસી. કામેશ્વર ઓધવજી પાસેથી.

લીમડી. છગન શંગજી. બુકસેલરને ત્યાંથી.

વઢવાણ. દવે જગજીવન પ્રાગજી. બુકસેલરને ત્યાંથી.

એ સીવાય બીજાને ત્યાં બુકશેલરો પાસેથી મળશે. તથા ઘોઘાના દરવાજે મોદી મગનલાલ જેચંદ પાસેથી.

અબદુલહુસેન આદમજી—બુકસેલર ભાવનગર.

